Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

બીજી ચોપડી

बीजी चोपडी

66 ग
१६(२)

નવજીવન કાર્યાલય

અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀
पुस्तक-संख्या 66 ग/१६(२)
पंजिका संख्या २१८८१/२५.६.२००३
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

ી સારી
અને તે
ચોપડીઓ
ળાઓમાં
રવી અને
, ઈ. સ.
પનો ઠરાવ

'ગૂજરાત વિદ્યાપીઠ તરફથી વાચનમાળા તૈયાર કરવા નીચેના સભ્યોની એક સમિતિ નીમવામાં આવે છે: શ્રી. કાકાસાહેબ કાલેલકર, શ્રી. કિશોરલાલ મશરૂવાળા, અને શ્રી. નરહરિ પરીખ.'

શ્રી. કિશોરલાલભાઈ માળાના મુખ્ય સંપાદક તરીકે કામ કરે એમ ઠરાવવામાં આવ્યું. પોતાના કામમાં મદદને માટે સમિતિએ શ્રી. જુગતરામ દવેને પોતાની સાથે લીધા. ઉપરાંત એક પરિપત્રથી ગુજરાતના લેખક તથા શિક્ષક મિત્રોને આ કામમાં બનતી મદદ કરવા નોતર્યા.

તે ઠરાવને અનુસરીને, 'ચાલણગાડી'ની અને પહેલી ચોપડીની સુધારેલી નવી આવૃત્તિ બહાર પડી ગઈ છે, અને બીજી ચોપડીની આ નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ત્યાર પછીની ચોપડીઓનું કામ હાથ ઉપર છે, અને તે થોડા વખતમાં જનતા આગળ મૂકવાની આશા છે.

કેળવણીમાં આજકાલ અનેક અવનવા વિચારો ચર્ચાઈ રહ્યા છે. તેમાંય પ્રાથમિક કેળવણીની તો વિશેષે કરીને ચર્ચાઓ ચાલે છે. તેમાં

(અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૧૯

વિદ્યાપીઠ વાચનમાળા

બીજી ચોપડી

बीजी चोपडी

66 जा/९६(२१
२१८८५१
२५.६.२००३

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

નવજીવન કાર્યાલય

અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ચોપડીના પાઠો

૧ હિન્દમાતા (ગીત)	૩
૨. દાદા	૫
૩. અમે બધાં	૬
૪. તારાં અમે બધાંય બાલુડાં હોજી! (ગીત)	૮
૫. ફરે તે ચરે	૧૦
૬. છાપરી છાવા	૧૨
૭. તેઓ કેમ કાંતે છે?	૧૫
૮. ધરતીનો ધણી (ગીત)	૧૬
૯. અમારી જમના	૧૮
૧૦. એકલું પહેરણ	૨૦
૧૧. ત્રણ વાંદરાંનું રમકડું	૨૨
૧૨. પોપટભાઈ પાંખ ખંખેરે (નાટક)	૨૪
૧૩. તું અને હું (ગીત)	૩૦
૧૪. ખેડૂતની દીકરી (ગીત)	૩૧
૧૫. નરસિંહ મહેતા	૩૪
૧૬. ઉજાણી	૩૭
૧૭. ભૂખ્યાંને પોષનારી ખાદી (ગીત)	૩૯
૧૮. રંગનાં છાંટણાં	૪૦
૧૯. ભોગીભાઈ અને જોગીભાઈ (ગીત)	૪૨
૨૦. ધ્રુવજી	૪૪
૨૧. સ્થિર આસન	૪૫
૨૨. સ્વતંત્ર	૪૭
૨૩. ગોરસ	૪૯
૨૪. વાડી	૫૧
૨૫. ભલે પધારો	૫૩
૨૬. વાડીનો નકશો	૫૫
૨૭. બાળકો વાડી જુએ છે	૫૮
૨૮. ખેડુનાં ઓજારો (ગીત)	૬૦
૨૯. હરિજન	૬૩
૩૦. નદી	૬૫
૩૧. કાળુડી (ગીત)	૬૭
૩૨. ધનસી બાબો	૬૯
૩૩. નવસારી	૭૧
૩૪. હજરત પેગંબર	૭૩
૩૫. સૂર્યોદય (ગીત)	૭૬
૩૬. તેને યાદ કરું (ગીત)	૭૭
૩૭. આપણો દોસ્ત કૂતરો	૭૯
૩૮. આપણી માનીતી બિલ્લી	૮૦
૩૯. હોઉં જો હું કોદાળો (ગીત)	૮૨
૪૦. દ દ દ	૮૪
૪૧. એક સુંદર રચના (ગીત)	૮૬
૪૨. કપાસના સૂરજ	૮૭
૪૩. હવાનો બરફ	૮૯
૪૪. ખાદી ગીત	૯૧
૪૫. જુવાર-બાજરી	૯૪
૪૬. મઢૂલી (ગીત)	૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો : હિંદમાતા



આપણે સૌ હિન્દ માતાનાં સંતાનો છીએ. આપણે પાંત્રીસ કરોડ હિન્દીઓ ભાઈ ભાઈ છીએ.

પહાડ જેવા પંજાબીઓ આપણા ભાઈઓ જ છે. ખુલ્લે માથે ફરનારા બંગાળીઓ પણ આપણા ભાઈઓ છે. ટૂંકાં ધડ ને મોટાં માથાંવાળા મરાઠાઓ હિન્દ માતાનાં જ બાળ છે. ગોરા કાશ્મીરીઓ અને શામળા મદ્રાસીઓ પણ આપણા ભાઈઓ જ છે.

ગંગાજમુનાનું પાણી પીનારાઓ પણ આપણા જ ભાઈઓ, સિન્ધુ નદીનું પાણી પીનારાઓ પણ આપણા જ ભાઈઓ, અને ગોદાવરી અને કાવેરીનાં પાણી પીનારાઓ પણ આપણા ભાઈઓ જ. અને એ બધી નદીઓ આપણી સૌની માતાઓ છે.

पुस्तकालय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ભારત માતાનાં પાંત્રીસ કરોડ સંતાનો એકીસાથે ગાઈએ:

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારાં !
હિંદુ અને મુસલમીન, વિશ્વાસી, પારસી, જિન;
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !
રોગી અને નીરોગી, નિર્ધન અને તવંગર;
જ્ઞાની અને નિરક્ષર, સંતાન સૌ તમારાં !
વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી;
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં.
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી;
ના ઉચ્ચ નીચ કોઈ, સંતાન સૌ તમારાં.
ચાહો બધાં પરસ્પર, સાહો બધાં પરસ્પર;
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

કાન્ત

¶ બીજાં પ્રખ્યાત રાષ્ટ્રગીતોનો પરિચય બાળકોને કરાવો; જેવાં કે ૧. ભારત હમારા દેશ હૈ, ૨. સારે જહાંસે અચ્છા, ૩. અય માતૃભૂમિ તેરે ચરણોંમેં શિર નમાઉં.

¶ હિંદના ભાષાવાર પ્રાંતો શીખવો. ચિત્રમાંના હિંદ માતાના પુત્રોને પ્રાંત પ્રમાણે ઓળખાવો.

¶ ગીતમાં જે ઐતિહાસિક પુરુષોનાં નામો આવે છે તેમની વાર્તાઓ કહો.

¶ હિંદુસ્તાનનો નકશો ઓળખતાં અને ઝીણો કાગળ મૂકી આલેખતાં શીખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨ જો : દાદા

અમારા દાદા બહુ સારા હતા. અમે સૌ તેમને બાપા કહેતા. આખું ગામ પણ તેમને બાપા કહીને બોલાવતું.

બાપા રોજ સવારે ચાર વાગ્યે ઊઠતા. નાહી ધોઈને તેઓ પૂજાપાઠ કરતા. તેઓ ઠાકોરજીની આરતી ઉતારતા અને પછી નૈવેદ્ય ધરાવતા. અમે નાનાં નાનાં ભાંડુઓ નાહીને ઠાકોરજીનાં દર્શન કરવા જતાં. એક એક માળા ફેરવીએ એટલે અમને પ્રસાદ મળતો અમે કોડિયાંની તાજૂડી બનાવી હતી. તેનાથી તોળીને અમે પ્રસાદ વહેંચી ખાતાં.

અમે રાત્રે મોડે સુધી રમીએ અને પછી સવારે મોડાં ઊઠીએ. પણ બાપાને એ ન ગમતું. સવારમાં નાહીને પૂજાની ઝારી લઈને નીકળતા ત્યારે તેઓ અમારાં મોઢાં ઉપર ટાઢું પાણી છાંટતા અને કહેતા કે :

'નાનીબહેન ઊઠો, સોનાનાં નળિયાં થયાં '

'બચુભાઈ, ઊઠો, પ્રસાદ ખાવો છે ને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મોટાભાઈ ઊઠો, પેલું સ્તોત્ર શીખવું છે ને?'

બાપા રોજ સાંજના મંદિરમાં જતા. અમને પણ સાથે તેડી જતા. કોઈ વાર અમે રમતમાં ચડી જઈએ અને મંદિરે ન જઈએ તો બાપા કહેશે, 'મંદિરમાં ન જવાય હોં! ત્યાં મોટા મોટા વાઘ બેઠા છે!'

બાપાને ઘણું સરસ તરતાં આવડતું. એક વાર તેઓ મને તળાવે નાહવા તેડી ગયા હતા. મને બે હાથ પર સુવાડીને તેમણે તરતાં શીખવી દીધું. હું શી રીતે શીખી ગયો એની મને ખબરે ન પડી. એક બે વાર ન આવડયું. પણ પછી મારી મેળે ઢબ ઢબ કરવા મંડી ગયો. જ્યારે જ્યારે કોઈ તળાવમાં પડું છું, કે નદીમાં તરું છું, કે કૂવામાં ધૂબકા મારું છું, ત્યારે ત્યારે બાપા સાંભર્યા વિના રહેતા નથી.

બાપા બહુ સારા હતા.

¶ વિદ્યાર્થીઓને પોતપોતાના દાદા અને બીજાં સગાંઓની ખાસિયતો મૌખિક અથવા લેખી જણાવવા કહો. એ કરતાં વડીલોની ઠઠ્ઠા કરવાને ભૂલેચૂકે પણ ઉત્તેજન ન આપો.

¶ વહેલા જાગવાનો મહિમા વિદ્યાર્થીઓને સમજાવો. આ દેશની તે સનાતન પરંપરા છે. દેશના જ્ઞાનીઓ સદા વહેલા જાગનારા હતા. આજે પણ ગાંધીજી, ગુરુદેવ જેવાઓ વહેલા જાગનારા છે. આપણા દેશની આબોહવામાં બ્રાહ્મમુહૂર્તનું વાતાવરણ ઘણું જ ખુશનુમા અને પવિત્ર હોય છે તે ઊંઘમાં ખોવું એ મોટું નુકસાન છે

પાઠ ૩ જો : અમે બધાં

આ મારું ઘર છે

અમારી છાપરીમાં અમે કોણ કોણ રહીએ છીએ તે કહું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળો. તેમાં મારી બા રહે છે. મારા બાપા રહે છે. મારાં દાદા અને દાદીમા રહે છે. મારી બહેન રહે છે મારા ભાઈ રહે છે. મારી ભાભી રહે છે. મારા કાકા રહે છે. મારી કાકી રહે છે. અને હું પોતે તો ખરો જ.

પણ અમારા ઘરમાં બીજાંઓ પણ રહે છે. અમારી ગાય અને તેની વાછરડી રહે છે, અને અમારા બે બળદ પણ રહે છે. એમને રહેવા માટે અમે છાપરી સામે એકઢાળિયું બાંધ્યું છે.

અરે, પણ હજુ ગણાવવાં રહી જાય છે.

અમારો મોતિયો કૂતરો ગણાવ્યા વિના કાંઈ ચાલે? તે અમારે ઘેર જ રહે છે. ફરવા ગમે ત્યાં જાય, પણ પાછો ઘેર આવ્યા વિના રહેતો નથી. તે આ ઘરને પોતાનું ઘર જ માને છે.

વળી માંજરી બિલાડીને પણ ગણાવવી પડશે. એમ તો તે ઘણાં ઘર ફરી આવે છે, પણ હમણાં જ તે અમારી ઘાસની ગંજીમાં વિયાઈ છે. એટલે આ જ તેનું ઘર થયું ને? તેનાં બે બચ્ચાં પણ હવે ગણાવવાં પડશે.

પણ ઊભા રહો. હજુ બીજાંઓ યાદ આવે છે. અમારા છાપરામાં ચકલો ચકલી રહે છે. છાજમાં પોલાણ કરી ત્યાં તેમણે માળો બાંધ્યો છે. માળામાં તેમનાં બે નાનાં બચ્ચાં ચીં ચીં કરે છે.

અમારી છાપરી નાની છે. પણ તેમાં અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલાં બધાં પ્રાણીઓ સારી રીતે રહીએ છીએ અને આનંદ કરીએ છીએ.

¶ ઘરમાં રહેનાર સર્વે સગાંઓ સવારથી સાંજ કેવી રીતે પોતાનો દિવસ પસાર કરે છે ?

¶ વિદ્યાર્થીઓને ઘરમાં રહેતાં પશુપક્ષીઓનાં જીવનનું અવલોકન કરવા પ્રેરો.

¶ આ ઢબે વિદ્યાર્થીઓ પોતાના ફળિયાનું, પોળનું અથવા ચાલીનું વર્ણન કરી શકે

પાઠ ૪ થો: તારાં અમે બધાંય બાલુડાં હોજી!

શાળા, તું છે અમારી વહાલુડી માવડી,
તારાં અમે બધાંય બાલુડાં હોજી!
તારો ખોળો ખૂંદી ધાવ્યાં અમે, માવડી,
વિદ્યાનાં મીઠડાં દૂધડાં હોજી!
જનમ અમારો એક જનનીના ઓરડે,
બીજો જનમ તારે ખોરડે હોજી!
દેવે આપી'તી બે બાળકને આંખડી,
તેં તો ઉઘાડી ત્રીજી આંખડી હોજી!
હળવે હાથે ઉઘાડી વિદ્યાની આંખડી,
ઉઘાડી ઉર કેરી પાંખડી હોજી!
હાથો અમારા બેઉ કામ કામ ઝંખતા,
આંગળાંય કામ સારુ કંપતાં હોજી!
એ રે હાથોને ખરા કેળવ્યા તેં, માવડી,
નચવી કળાએ દશે આંગળી હોજી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રે હાથ ધાન્ય હવે ધૂળમાં પકાવશે,
પાણી પાતાળમાંથી લાવશે હોજી !

રૂએ છુપાયાં વસ્ત્ર કાંતી બહાર કાઢશે,
તારું ભિક્ષાનું દુઃખ ભાગશે હોજી !

વાળી ઝૂડીને તારી પરસાળો લીંપશું,
આંગણિયે સાથિયા પૂરશું હોજી !

તારી દીવાલ પરે ફૂલવેલ દોરશું,
વાડીમાં છોડ ઝાડ રોપશું હોજી !

અન્તે વિદાય લઈ દૂર દૂર ઊડશું,
તોયે, માડી, તને ન ભૂલશું હોજી !

સમણામાં રોજ રોજ તારે ઘેર આવશું,
બાળક બનીને તને ધાવશું હોજી !

પહેલા પરોઢિયાએ જોજે મા છોડવે,
ઝાકળનાં મોતી થઈ આવશું હોજી !

પહેલી પિલવણીએ જોજે મા ઝાડવે,
કૂંપળ થઈને અમે ફૂટશું હોજી !

૩૦

¶ બાળકોમાં પોતાની સંસ્થા માટે પ્રેમનાં બી વવાય એવા સર્વ પ્રયત્નો કરવા ઘટે. આ ગીત તેમાં મદદ કરશે.

¶ ગીતમાં વર્ણવેલાં કામો જ્યારે જ્યારે બાળકો ઘરમાં કે શાળામાં કરે છે ત્યારે તેઓ કીમતી શિક્ષણ મેળવતાં હોય છે. એ વસ્તુ શિક્ષકો સમજી લે.

¶ આ ગીત દાંડિયારાસમાં ચાલશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫ મો : ફરે તે ચરે



આ ટોળી કોની છે?

તેઓ શાળાનાં વિદ્યાર્થીઓ છે. તેઓ ફરવા નીકળ્યાં છે. સાથે તેમનાં શિક્ષિકા પણ છે.

બહેન તેમને બધું બતાવે છે.

બાળકો રસ્તામાં ગમ્મત કરતાં જાય છે. પણ બહેન કહે કે તરત તેઓ શાંત થાય છે.

બહેન તેમને નવું નવું બતાવે છે. બાળકો બહેનને જુદા જુદા સવાલો પૂછે છે. બહેન તેમને બધી સમજ પાડે છે.

તેઓ આમ ઘણી વાર ફરવા નીકળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ દિવસ તેઓ બજાર જુએ છે. કોઈ દિવસ તેઓ નદીકિનારે સહેલ કરવા જાય છે. કોઈ દિવસ વાડી જોવા જાય છે. કોઈ દિવસ તેઓ વણકરવાસની મુલાકાત લે છે.

બહેને તેમને પર્યટનના નિયમો શીખવ્યા છે.

કોઈ ઘરમાં જવું હોય તો કેમ જવું ?

પહેલાં રજા માગવી.

પછી જય જય કે સલામ કરવી.

જોડા ઘરની બહાર મૂકવા. તેને હારબંધ ગોઠવવા.

વિદ્યાર્થીઓ બધું ધારી ધારીને જુએ છે. જે જુએ તે વિષે બહેનને સવાલો પૂછે છે. લોકોને પણ સવાલો પૂછે છે.

લોકો પણ તેમને કંઈ કંઈ પૂછે છે. બાળકો વિવેકથી જવાબો આપે છે.

આ વિદ્યાર્થીઓ ગામનાં ભોમિયાં થઈ ગયાં છે. તેઓ ગામનો ખૂણેખૂણો જોઈ વળ્યાં છે. ગામનાં ઘર ઘર ફરી વળ્યાં છે. તેઓ ગામમાં એકેએકને ઓળખે છે.

આ બાળકો હવે ક્યાંય ભૂલાં પડે તેવાં નથી. કોઈથી ગભરાય તેવાં નથી. બહેન સાથે ન હોય તોપણ તેમને વાંધો આવે તેમ નથી

ફરવાથી હોશિયારી આવે છે. ફરવાથી ઘણું જાણવાનું મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરે તે ચરે,
બાંધ્યો ભૂખે મરે.

¶ ફરવા નીકળો તે પહેલાં રસ્તાની, કરવાના કામની, સાથે લેવાની વસ્તુઓની, વગેરે સૂચનાઓ વિસ્તારથી આપો.

ક્યાં ફરવાં જવાનું છે તે અગાઉથી જાહેર કરો અને તે સ્થળનો વિદ્યાર્થીઓને અગાઉથી પરિચય આપો.

¶ વિદ્યાર્થીઓ એકીસાથે સવાલો ન પૂછે, જવાબો શાંતિથી સાંભળે, કાંઈ પણ કામ કરવાનું હોય તો વ્યવસ્થિત રીતે કરે, વગેરે શિસ્ત, શાંતિ તથા શિષ્ટાચારને લગતી તાલીમ આવાં પર્યટનો દ્વારા તેમને આપવાની છે.

¶ ચિત્રમાંની ટોળી નદીમાં ફરે છે. કાંઠાના વનમાંથી તેમણે વાંસ અને ઝાડની ડાળીઓ લીધી છે. વિદ્યાર્થીઓ ધારીને જોશે તો બીજી ઘણી વિગતો શોધી શકશે.

પાઠ ૬ ઠ્ઠો : છાપરી છાવા



જેઠ મહિનો આવ્યો છે. ચોમાસાના સ્વાગતની તૈયારીઓ ચાલી રહી છે. ખેડૂતો ખાતપૂંજો કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મંડયા છે. કુંભારો છેલ્લા નીંભાડા પકવી લેવા તડામાર કરી રહ્યા છે. લુહારો અને સુતારોની કોઢો ઉપર ઘરાકોની તડી પડી છે. લોકો હળલાકડાં વગેરે સમરાવવા નીકળી પડયા છે.

રાનીપરજ વાસમાં પણ ધમાલ ચાલે છે. ત્યાં છાપરીઓ છાવાનું કામ ચાલે છે. એ લોકોનાં બાળકોએ શાળામાંથી રજા માગી લીધી છે. તેઓ માબાપને છાવાના કામમાં મદદ કરે છે.

શાળાનાં બાળકો બોલ્યાં, 'ગુરુજી, લોકો છાપરીઓ છાય છે તે જોવા આપણે જઈશું?'

ગુરુજીને બાળકોની વાત ગમી ગઈ. તે બોલ્યા, 'ઊભાં ઊભાં જોઈએ તેમાં શી મજા? આપણે કામ પણ કરવા લાગીશું, કેમ ખરું ને?'

બાળકો આનંદથી બોલ્યાં, 'હાજી, એ તો અમને બહુ ગમશે.'

ગુરુજી — ત્યારે કાલે સવારે નક્કી. નિરચય

* * *

હજુ હમણાં જ સૂરજ ઊગ્યો છે. શાળાની મંડળી આવી પહોંચી છે.

રાનીપરજ ફળિયાનો દેખાવ અત્યારે જુદો જ થઈ ગયો છે. છાપરીઓનાં છાજ ઉતારી નાખ્યાં છે. ઘરનો સામાન ફળિયામાં કાઢયો છે. ખાટલા મેદાનમાં પડયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ચૂલા પણ વાડામાં મંડાયા છે. આ તે ગામ છે કે જાત્રા ભરાઈ છે?

લોકો કામે બાઝી ગયાં છે. કોઈ છાપરા ઉપર ચડી છાજ છાય છે. કોઈ નીચેથી ચીપાંના પૂળા આપે છે. કોઈ ચીપાં પલાળે છે.

ઓળખીતાં છોકરાંઓ દોડી આવ્યાં. તેમણે ગુરુજીને જય જય કર્યા. દોસ્તો હતા તે ભેટી પડયા.

ગુરુજીએ કહ્યું, 'પોતપોતાના ભાઈબંધો શોધી લો અને તેમની સાથે જઈ કામ કરો.'

છોકરાંએ ખૂબ હોંશથી કામ કર્યું. કોઈ પૂળા વહેવા લાગ્યા. કોઈ પાણીના ઘડા લાવવા લાગ્યા. કોઈ ચીપાંને સીપવા લાગ્યા. કોઈ ખાખરાની મૂળી કૂટવા લાગ્યા. તેના રેસા બંધ માટે કામ આવશે.

ગુરુજી પોતે એક છાપરી ઉપર ચડી ગયા.

છાપરીવાળો કહે, 'મહેતાજી, તમને નહિ આવડે.'

શિક્ષક બોલ્યા, 'તમારું જોઈને શીખીશ. તમે મારા ગુરુ અને હું તમારો ચેલો.'

બધાં હસી પડયાં, ફળિયું ગાજી ઊઠયું.

¶ ચીપાં=રાડાંની ચીપો; સીપવું=પાણી છાંટવું.

¶ રાનીપરજ જાતિ એટલે ભીલ, ચોધરી, ઢોડિયા, ગામીત વગેરે નામે ઓળખાતી રાનોમાં રહેનારી જાતિઓ. સુરત અને પંચમહાલનાં જંગલોમાં તેઓ રહે છે. દરેક કુટુંબ પોતપોતાના ખેતરમાં છાપરી બાંધી રહે છે. તેમની બોલીઓ જુદી જુદી હોય છે. તેઓ ભલા, પ્રેમાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાચાબોલા હોય છે. તેમનામાં દારૂતાડીનું વ્યસન બહુ પેસી ગયું હતું, પણ હમણાં હમણાં દારૂતાડી છોડી, કેળવણી લઈ, ખેતીવાડી અને બીજા ઉદ્યોગો શીખી તેઓ આગળ આવવા લાગ્યા છે. તેમનાં ગીતો બહુ મીઠાં હોય છે અને નાચ જોવા જેવા હોય છે. આ રાની પ્રદેશમાં જઈએ તો બહુ જ ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવતા પ્રાથમિક સ્થિતિના માણસોનો આપણને ખ્યાલ આવે છે.

કેટલાક સેવકોએ તેમની વચ્ચે જઈને વસવાટ પણ કર્યો છે.

પાઠ ૭ મો : તેઓ કેમ કાંતે છે?

'અમ્મા, અમ્મા, તમે કેમ કાંતો છો?'

'સાંભળ મારા દીકરા! હવે હું ઘરડી થઈ. ભારે કામ કંઈ મારાથી થાય? બેઠી બેઠી રેંટિયો કાંતું છું. આનો બે આના મળે છે, તેમાંથી ખાઉં છું અને ખુદાનું નામ લઉં છું.'

'ખેડૂત, ખેડૂત, તમે કેમ કાંતો છો?'

'સાંભળો અમારી વાત. અમે ખેતી કરનારા. અમે કપાસ પકવનારા. અમે શાને નાગા ઉઘાડા ફરીએ? અમે શાને બજારે ચડીએ? અમે તો ઘરનું રૂ રાખ્યું છે. જાતે પીંજી લીધું છે. તેમાંથી હવે જાતે સૂતર કાંતીએ છીએ. તેની અમે ખાદી વણાવીશું. જોઈએ તેટલાં કપડાં પહેરીશું અને તનકારા કરીશું.'

'વિદ્યાર્થી, વિદ્યાર્થી! તમે કેમ કાંતો છો?'

'ઓહો! તમે નથી જાણતા? સાંભળો ત્યારે. અમે અમારી વહાલી શાળા માટે કાંતીએ છીએ. કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થી મહિને ચાર આનાનું કાંતે છે, કોઈ વિદ્યાર્થી મહિને આઠ આનાનું કાંતે છે. મોટા છોકરાઓ મહિને રૂપિયાનું પણ કાંતે છે. શાળા અમને વિદ્યા આપે છે. અમે શાળાને સૂતર આપીએ છીએ.'

'બાપુજી, બાપુજી! આપ કેમ કાંતો છો?'

'ભાઈઓ અને બહેનો! સાંભળો. સૂતરને તાંતણે હું સ્વરાજ્ય લાવું છું. રેંટિયાથી હું હિન્દમાતાની સેવા કરું છું. રેંટિયાથી હું દરિદ્રનારાયણની ભક્તિ કરું છું.'

¶ કરોડો ગરીબ ડોસીઓ ઘેર બેઠાં બે પૈસા મેળવી શકે તેવો ઉદ્યોગ રેંટિયા સિવાય બીજો કોઈને જડી શક્યો નથી.

¶ કરોડો વિદ્યાર્થીઓ ઉદ્યોગ દ્વારા શીખવા માગે તો બીજા ઉદ્યોગો અતિ ખર્ચાળ થઈ પડે. તેમાં મોટાં મકાન જોઈએ, ઓજારો જોઈએ; ખેતીનો ઉદ્યોગ ચલાવવો હોય તો જમીન જોઈએ, કૂવા, બળદ, હળ વગેરે જોઈએ. આવી સગવડો જે શાળામાં મળી શકે ત્યાં તેવા ઉદ્યોગો જરૂર ચલાવી શકાય. પણ મોટા ભાગની શાળાઓ માટે તો કાંતણ-પીંજણ એ જ સૌથી સગવડવાળા ઉદ્યોગો જણાય છે.

પાઠ ૮ મો : ધરતીનો ધણી

નદી રે સરોવર સુકાઈ ગયાં રે,
ગાવલડી દીએ રે શરાપ :
નાઠ્યો ધરતીનો ધણી મેવલો રે.
આલીલીલી વાડીઓ સુકાઈ ગઈ રે,
પંખીડાં દીએ રે શરાપ :
નાઠ્યો ધરતીનો ધણી મેવલો રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાગ બગીચા સુકાઈ ગયા રે,
માળીડા દીએ રે શરાપઃ
નાવ્યો ધરતીનો ધણી મેવલો રે.

નદી રે સરોવર છલી વળ્યાં રે,
ગાવલડી દીએ રે આશિષઃ
આવ્યો ધરતીનો ધણી મેવલો રે.

આલીલીલી વાડીઓ લીલી થઈ રે,
પંખીડાં દીએ રે આશિષઃ
આવ્યો ધરતીનો ધણી મેવલો રે.

બાગ બગીચા લીલા થયા રે,
માળીડા દીએ રે આશિષઃ
આવ્યો ધરતીનો ધણી મેવલો રે.

સર્વે તે ડુંગર લીલા થયા રે,
ધરતી પામી રે સંતોષ,
આવ્યો ધરતીનો ધણી મેવલો રે.

॥ વરસાદ ન પડે તો કુદરતની તેમ જ માણસ અને પશુની કેવી દશા થાય છે, તેમ જ વરસાદ આવવાથી કેવી લીલાલહેર થઈ રહે છે, તેનું વધારે વિસ્તારથી વર્ણન કરો.

॥. પાણી–વરાળ–વાદળાં–વરસાદ એ ચક્રની વિદ્યાર્થીઓને સમજ આપો.

'પાણીનાં ટીપાં કંઈ નાનાં રહેતાં સાગરઘેર' એ કવિતા તેમને શીખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૯ મો : અમારી જમના



આવો, તમને અમારી ગાય બતાવું.

જોજો સંભાળજો. બહુ પાસે જશો નહિ. તે તાજી વિયાયેલી છે, તેથી બહુ ચમકે છે. મને તો તે ઓળખે છે, પણ અજાણ્યાથી બીએ છે. તેને લાગે છે કે કોઈ તેના વાછરડાને લઈ જશે.

આ જોયો તેનો વાછરડો ? હજુ બે વાસાનો થયો છે, તોપણ કેવો દીપડા જેવો છે ! એના બાપને તમે જુઓ ત્યારે ખબર પડે. મકનો સાંઢ તો જાણે હાથી જ જોઈ લો.

આ વાછરડાનું નામ અમે શું પાડયું છે, જાણો છો ? તેનું નામ અમે ચંદુ રાખ્યું છે. તેના કપાળમાં ચાંદો છે, તે ઉપરથી અમે એવું નામ પાડયું છે.

ચંદુની માનું નામ જમના છે. તે અત્યારે આવડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટી થઈ છે, પણ પહેલાં નાની વાછરડી હતી. ચાર વર્ષમાં તે મોટી ગાય થઈ ગઈ છે.

આ જમનાની મા પણ અમારે ઘેર જ હતી. મને તો યાદ નથી, પણ મારી બા ઘણી વાર તેની વાત કરે છે. તે કંઈક રોગ થવાથી મરી ગઈ હતી. તેની વાત કરે ત્યારે મારી બાની આંખમાં આંસુ આવી જાય છે. બહુ ભલી અને જાતવંતી ગાય હતી. એનું નામ મરિયમ હતું. તે પહેલાં અમારા પડોશી રસૂલ ચાચાને ત્યાં હતી. એમના ઘરનું નામ એમે કાયમ રાખ્યું હતું. મરિયમ ગાય ટંકે અધમણ દૂધ આપતી. તેનું આઉ મોટા ઘડા જેવું હતું, એમ મારી બા કહે છે.

જુઓ, આ જમના કેવી આપણા સામું તાકીને જુએ છે ?.... તારી માની વાત કરીએ છીએ તે સમજી ગઈ છે કે શું ?

ખરેખર, આ જમના ગાય તો જાનવર નથી, પણ જાણે આપણા જેવું માણસ જ છે.

એનું દૂધ પીવા થોડા દિવસ પછી અમારે ઘેર જરૂર પધારજો. હમણાં તો બધું ચંદુને ધવડાવી દઈએ છીએ. તે પીવાના કામમાં ન આવે એમ બા કહે છે. મેં તે ચાખી જોયેલું, તો ખારું અને ચીકણું લાગ્યું હતું.

લો, આ બા આવી. બા, આજે જમનાને માટે શું બનાવ્યું છે ? ઘઉંના ભરડાની લાપસી લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ એને સારું સારું ખાવાનું આપવું પડે જ ને! ત્યારે જ તેને સરસ દૂધ આવે અને ચંદુ તાજો થાય.

હવે હમણાં બા ચંદુને છોડશે, અને તે ધાવવા લાગશે. વાછરડો ગાયને બચબચ ધાવે છે અને માથાં મારતો જાય છે, એ જોવું મને ઘણું ગમે છે.

બસ ત્યારે હવે જશો? અમારાં ગાય અને વાછરડો જોવા રોજ આવજો. અને થોડા દિવસ પછી દૂધ પીવા પણ જરૂર આવજો.

¶ વિદ્યાર્થીઓને ઘેર અથવા પડોશમાં ગાય હોય તો તેનો અભ્યાસ કરવાનું તેમને સૂચવો :

૧. ગાય કેટલી ઉંમરની થયા પછી વિયાય છે?

૨. તાજી વિયાયેલી ગાયને શું શું ખવડાવવામાં આવે છે?

૩. બચ્ચું કેટલા વખતે ચાલતું થાય છે? કેટલા દિવસે ન્વરડું થાય છે?

પાઠ ૧૦ મો : એકલું પહેરણ

ગાંધીજીનો પાડ માનો કે તેમણે આપણને એકલું પહેરણ પહેરીને ફરવાની છૂટ કરી આપી.

પહેલાં તો!

ઓ બાપ રે! સૌથી નીચે ગંજીફરાક, તેના ઉપર ખમીસ, તેના ઉપર જાકીટ, અને તેના ઉપર કોટ!

આટલો બધો ઠઠારો અને ઉપરથી બપોરનો ઉકળાટ. શરીર તો કપડાંની અંદર બટાટાની માફક બફાય, અને પરસેવે ગંધાઈ ઊઠે. પણ એ બધો પોશાક સજ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૧૮૮૧
66 ગ/૧૬૧૨/
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના ઘર બહાર નીકળવાની હિંમત કોની ચાલે!

કોટ ન પહેર્યો હોય તો અધૂરો પોશાક ગણાય! તાપ ન ખમાય તોયે કોટ પહેરવો જ પડે! ત્યારે જ પૂરો પોશાક પહેર્યો કહેવાય.

કોટ વિના નિશાળમાં જઈએ તો પેસવા ન દે. કહેશે, અધૂરા પોશાકે નિશાળમાં આવવાની મનાઈ છે.

કોટ વિના કોરટ કચેરીમાં જાય તો ઊભા ન રહેવા દે. કહેશે, આવા જંગલી માણસનું અહીં કામ નહિ.

બધા બફાઈ મરતા હતા. પણ જંગલીમાં ખપવાની હિંમત કોણ કરે?

સત્યાગ્રહી ગાંધીજીએ એ હિંમત કરી અને એકલું પહેરણ પહેરીને ફરવાની પહેલ કરી.

લોકો હસવા લાગ્યા. ગાંધીજી કહે, હસે તેને હસવા દો. પણ આપણા ગરમ દેશમાં આટલાં બધાં લૂગડાં લાદવાં એ જંગલીપણું છે. આપણા ગરીબ દેશમાં એટલાં બધાં નકામાં લૂગડાં પહેરવાં એ પાપ છે..

પછી તો સૌને એકલું પહેરણ પહેરીને ફરવાની હિંમત આવી. શાળાના છોકરાઓ રાજી રાજી થયા. ખાદીનું પહેરણ અને ખાદીની ટોપી એ આપણો રાષ્ટ્રીય પોશાક બની ગયો.

¶ ગાંધીજીએ પોતાના પોશાકમાં વખતોવખત કેવા ફેરફારો કર્યા છે અને તેનાં કારણો શાં હતાં, તેની કથા વિદ્યાર્થીઓને કહો.

¶ પોશાક પહેરવાનું શું પ્રયોજન છે, અને આપણા દેશની આબોહવા માટે ખૂલતો અને હલકો પોશાક જ ઉત્તમ છે, એ વિદ્યાર્થીઓને સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૧ મો : ત્રણ વાંદરાંનું રમકડું



આ એક ચીના લોકોનું રમકડું છે. ચીનના કુંભારો તેવાં માટીનાં રમકડાં બનાવે છે, અને ચીનના લોકો હોંશે હોંશે તે લઈ જાય છે. ચીનમાં મોટાં તેમ જ છોકરાં તે રમકડાં પોતપોતાની બેઠકોમાં રાખે છે.

ચીનના આ ત્રણ ડાહ્યા વાંદરા બોલતા નથી; પણ જે પાસે આવે તેને મૂંગો બોધ આપે છે.

આ ત્રણ વાંદરા આપણને શો બોધ આપી રહ્યા છે ?

પહેલો વાંદરો કાન ઢાંકીને આપણને કહે છે, 'હું કોઈનું ભૂંડું સાંભળવા ઇચ્છતો નથી. તું પણ કોઈનું ભૂંડું સાંભળીને રાજી થા મા.'

બીજો વાંદરો આંખ ઢાંકી આપણને કહે છે કે, 'હું કોઈનું ભૂંડું જોવા ઇચ્છતો નથી. તું પણ કોઈનું ભૂંડું જોઈ રાજી થા મા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો વાંદરો મોં ઢાંકીને આપણને એમ કહે છે કે, 'હું કોઈનું ભૂંડું બોલવા ઇચ્છતો નથી. તું પણ કોઈનું ભૂંડું બોલી રાજી થા મા.'

આ શાણા વાંદરાઓનો ઉપદેશ આપણે માનીએ નહિ, તો તેઓ પોતાની મૂંગી ભાષામાં આપણને ઠપકો આપે છે.

તેમની હાજરીમાં જો આપણે કોઈની નિંદા કરીએ છીએ, તો પહેલો વાંદરો કાને હાથ ઢાંકી આપણને કહે છે કે, 'મહેરબાની કરી મૂંગો રહે, મારે તારી વાત સાંભળવી નથી.'

બીજો વાંદરો આંખ ઢાંકી આપણને કહે છે કે, 'મહેરબાની કરી દૂર જા, તારું મોઢું મારે જોવું નથી.'

મોઢે હાથ મૂકીને ત્રીજો વાંદરો આપણને કહે છે, 'મહેરબાની કરી માફ કર, મારે તારી સાથે વાત કરવી નથી.'

---

૧ આપણા દેશમાં હનુમાનની મૂર્તિ લોકોને અદ્‌ભુત રામરતિની યાદ આપે છે, અને બળ, બ્રહ્મચર્ય, સેવા અને વફાદારીના પાઠો શીખવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો : પોપટભાઈ પાંખ ખંખેરે

[નાટક]

પાત્રો

પોપટ	પોપટની કાકી
પોપટની મા	પોપટની બહેન
જનાવરોના ગોવાળો	પોપટની દાદીમા

દૃશ્ય ૧

[ઘરમાં મા દીકરો વાત કરે છે.]

મા — બેટા, હવે તો તું મોટો થયો, ક્યાંક કમાવા જાને.

પોપટ — ઠીક માડી, ભાતુંપોતું કરો. કાલે જઈશ.

[પોપટભાઈ કમાવા નીકળે છે.]

પડદો પડે છે.

દૃશ્ય ૨

[પોપટ આંબાની ડાળે બેઠો છે, કાચી કેરી પાકી કેરી ખાય છે. હીંચે છે ને ટૌકા કરે છે. તેવામાં ગાયોનો ગોવાળ નીકળે છે.]

પોપટ — એ ભાઈ !

ગાયોના ગોવાળ,
ગાયોના ગોવાળ !
મારી માને એટલું કહેજે :
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટૌકા કરે.

ગાયોનો ગોવાળ—બાપુ, હું તારી માને ક્યાં કહેવા જાઉં? આ ગાયો રેઢી પડે ને? કંહે તો એક રૂપાળી ગાય આપું.

પોપટ—ઠીક, ત્યારે પેલી કાબરીને ઝાડે બાંધ.

[ગોવાળ ગાય બાંધીને જાય છે. પોપટ ટૌકા કરે છે ત્યાં ભેંસોનો ગોવાળ આવે છે.]

પોપટ—એ ભાઈ!

ભેંસોના ગોવાળ,
ભેંસોના ગોવાળ!
મારી માને એટલું કહેજે:
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટૌકા કરે.

ભેંસોનો ગોવાળ—બાપુ, મારાથી તો નહિ જવાય. આ ડોબાં કોણ સાચવે? તું તારે એક પાડિયાળી ભેંસ લઈ લે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપટ—બાંધ પણે પેલા ઝાડ સાથે.

[ભેંસોનો ગોવાળ ભેંસ બાંધીને જાય છે. પોપટ ટૌકા કરે છે ત્યાં બકરાંનો ગોવાળ આવે છે.]

પોપટ—એ ભાઈ!

બકરાંના ગોવાળ,
બકરાંના ગોવાળ!
મારી માને એટલું કહેજે:
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટૌકા કરે.

બકરાંનો ગોવાળ—અરે બાપુ, હું કેવી રીતે જાઉં? જોઈએ તો બે ચાર બકરાં લઈ લે.

પોપટ—સારું, લે બાંધ પેલા ઝાડ હેઠે.

[ગોવાળ બકરાં બાંધીને જાય છે. પોપટ ટૌકા કરે છે. એમ જુદા જુદા ગોવાળો નીકળે છે અને વાત ચાલે છે. બધા જતા રહે છે, ત્યારે પોપટ નીચે ઊતરી બધાં જનાવરોને લઈને વેચવા જાય છે.]

દૃશ્ય ૩

[સ્થળ: બજાર]

૧ લો વેપારી—એ પોપટભાઈ, અહીં આવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ જો વેપારી—અહીં આવો અહીં, પોપટભાઈ.

૩ જો વેપારી—પોપટભાઈ, અહીં તો આવો.

પોપટ—બોલો, આ ગાયનું શું આપશો ?

૧ લો વેપારી—રૂપિયા પચાસ આપું.

પોપટ—[બીજા તરફ જોઈને] કહો ભાઈ, તમે શું કહો છો ?

૨ જો વેપારી—આપણા સાઠ.

પોપટ—રૂપિયા સો લેવા છે. આ ગાયના સામું તો જુઓ. ૧૫ શેર તો દૂધ આપે છે.

૩ જો વેપારી—સોયે નહિ ને સાઠે નહિ, રૂપિયા પોણોસો આપું.

પોપટ—ઠીક ત્યારે, ચાલો લાવો રૂપિયા

[ઉપર પ્રમાણે બધાં જનાવરો વેચીને પોપટ રૂપિયા ગણી લે છે. તે પછી રૂપિયાની થેલીઓ ભરીને તે પોતાના ઘર તરફ જવા નીકળે છે.]

દૃશ્ય ૪

[રાતનો સમય છે, તેથી ઘરમાં સૌ બારણાં વાસીને સૂઈ રહ્યાં છે.]

પોપટ—હાશ, આ માનું ઘર આવ્યું.

[બારણું ખખડાવે છે.]

મા, મા !
બારણાં ઉઘાડો,
બારણાં ઉઘાડો,
પાથરણાં પથરાવો,
ઢોલીડા ઢળાવો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.

મા—[ઘરમાંથી] અત્યારે કાળી રાતમાં પોપટ કેવો ! જાઓ ભાગી જાઓ જે હોય તે.

પોપટ—ત્યારે ચાલને કાકીને ઘેર જાઉં, કાકી બારણાં ઉઘાડશે.

[જઈને સાંકળ ખખડાવે છે.]

કાકી, કાકી !
બારણાં ઉઘાડો,
બારણાં ઉઘાડો,
પાથરણાં પથરાવો,
ઢોલીડા ઢળાવો,
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.

કાકી—[ઘરમાંથી] અત્યારે મધરાતે કોઈ બારણાં નથી ઉઘાડતું. આવવું હોય તો સવારે આવજે.

પોપટ—ચાલ હવે બહેનને ત્યાં જાઉં, વખતે બહેન બારણાં ઉઘાડે તો.

[બહેનના ઘરની સાંકળ ખખડાવે છે.]

બહેન, બહેન !
બારણાં ઉઘાડો,
બારણાં ઉઘાડો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાથરણાં પથરાવો,
ઢોલીડા ઢળાવો,
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.

બહેન—[ઘરમાંથી] અત્યારે કાળી રાતે ભાઈ ક્યાંથી ? ભાગી જા, તું તો કોઈ ચોર લાગે છે.

[પોપટ તો ઘણાં સગાંવહાલાંને ત્યાં જાય છે, પણ કોઈ બારણાં ઉઘાડતું નથી. છેવટે પોપટ દાદીમાને ત્યાં જાય છે અને બારણાં ખખડાવે છે.]

પોપટ—દાદીમા, દાદીમા !
બારણાં ઉઘાડો,
બારણાં ઉઘાડો,
પાથરણાં પથરાવો,
ઢોલીડા ઢળાવો,
શરણાઈઓ વગડાવો;
પોપટભાઈ પાંખ ખંખેરે.

દાદીમા—અહોહો, કોણ મારો પોપટ આવ્યો છે ? ઊભો રહે મારા સાવજ; આ આવી.

પોપટ—દાદીમા, પાયે લાગું છું.

દાદીમા—આવ મારા બાપા, તારાં દુખડાં લઉં.

[દુખડાં લે છે, ટાચકા ફોડે છે.]

સો વરસનો થજે મારા બાપલા.

[પછી દાદીમા પાથરણાં પથરાવે છે, ઢોલીડા ઢળાવે છે, શરણાઈઓ વગડાવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદીમા — દીકરા, બેસ આ ગાદલા ઉપર. જો આ શરણાઈઓ કેવી સારી વાગે છે!

[બેઠા પછી પોપટ પાંખ ખંખેરે છે. રૂપિયા ખણુ ખણુ ખણુ પડે છે.]

પોપટ — લો માડી, આ મારી કમાણી.

દાદીમા — આ તો મારો દીકરો બહુ કમાયો. આવ મારા બાપા, તને ખોળામાં બેસાડું.

[પડદો પડે છે.]

ખેલ ખલાસ.

¶ વિદ્યાર્થીઓ આ નાટક ભજવે. વાક્યો ગોખવાની જરૂર નથી. વાર્તા ઘણી વાર સાંભળી અને વાંચી હશે તો તેઓને યોગ્ય વચનો અને યોગ્ય અભિનય પોતાની મેળે આવડશે.

પાઠ ૧૩ મો: તું અને હું

મા તમે, પિતા તમે, છું પુત્ર હું તમારો;
પુત્રને, પિતાજી! પૂર્ણ પ્યાર હો તમારો. ૧
છો ખુદા તમે, ખુદાઈ નૂર હું તમારું;
સૂર્ય છો તમે પવિત્ર, તેજ હું તમારું. ૨
છો તમે સમુદ્ર, હું ટબૂકલું ટીપું છું;
હું ટીપું રહું તમારું, જાપ એ જપું છું. ૩
આભલું તમે, પિતા! ટચૂકડો હું તારો;
કાળી રાતના બનું હું દીવડો તમારો. ૪
ઝાડ છો તમે, પિતા! હું છાંયડો તમારો;
થાક ખાઈ લોક ગાય પાડ ત્યાં તમારો. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી છો તમે, પિતા ! હું સાથીડો તમારો;
ખેડ હું કરું તમારી, હાળી હું તમારો. ૬

પ્ર૦

¶ ખુદાઈ નૂર = ખુદાનું તેજ; સાથીડો = ખેડૂતનો સાથી; હાળી = હળ હાંકનારો.

¶ ઈશ્વર મહાન સાગર સમાન છે, આપણે નાનાં ટીપાં સમાન છીએ. તો પછી આપણને બડાઈ કરવી કેમ શોભે ? — ભજનનો આ એક ભાવ છે.

¶ સર્વ મનુષ્યો તેમ જ પ્રાણીઓ ઈશ્વરનાં સંતાનો છે. કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. સર્વ એક પિતાનાં સંતાન છે. સૌ સાથે પ્રેમ રાખવો, સૌની સેવા કરવી, મૂગાં પ્રાણીઓ પર દયા રાખવી. આ ભજનનો આ બીજો ભાવ છે.

પાઠ ૧૪ મો : ખેડૂતની દીકરી

૧

ડાહી કહ્યાગરી............ખેડૂતની દીકરી.
શાણી ને કામગરી........ખેડૂતની દીકરી.
બાપાની લાડકડી........ખેડૂતની દીકરી.
માતાની મીઠડી........ખેડૂતની દીકરી.
ભાભીની બહેન જેવી....ખેડૂતની દીકરી.
ભાઈની બાંય જેવી....ખેડૂતની દીકરી.

૨

ઊઠે તેવી જઈ બાપુને વંદતી.
દાતણ પાણીનો લોટો દોડીને આપતી.
'બાપુ, શિરાવશો શું ?' લાડીલી પૂછતી.
ઊનું બપોરે ભાત ખેતર પહોંચાડતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાક્યા બાપુને સાંજે નાહવા બેસાડતી.
સૂતા બાપુના રાતે ચરણો એ ચાંપતી.
ડાહી કહ્યાગરી........ખેડૂતની દીકરી.
બાપાની લાડકડી....ખેડૂતની દીકરી.

૩

બાના માથાનો બોજ અડધો ઉપાડતી;
રસોડે રાંધવાને ઇંધિણ એ લાવતી.
ઇંધિણ એ લાવતી ને ચૂલો ચેતાવતી.
ચૂલો ચેતાવતી ને આંધણ ઉકાળતી.
આંધણ ઉકાળતી ને ચોખા એ ઓરતી.
ચોખા ઉતારવાને બાને બોલાવતી.
ડાહી કહ્યાગરી........ખેડૂતની દીકરી.
માતાની મીઠડી....ખેડૂતની દીકરી.

૪

ભાભીનો ભાર હોંશે હળવો બનાવતી;
ભાભી દળે તો તેને દળવા એ લાગતી.
વાસીદાં વાળતાં એ ટોપલા ચડાવતી.
વાસણ મંજાય ત્યારે વીંછળવા લાગતી.
પાણીડાં જાય ભાભી, બેડાં એ માંજતી.
નણદી ભોજાઈ જાણે બહેનો બે લાગતી !
ડાહી કહ્યાગરી...........ખેડૂતની દીકરી.
ભાભીની બહેન જેવી....ખેડૂતની દીકરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ભાઈને દૂધ ભાવે, ગાય દોહી લાવતી;
ભાઈને છાશ ભાવે, ગોરસ વલોવતી.
ભાઈને પોંક ભાવે, પોંક પાડી લાવતી;
પૌંઆ જો ભાઈને ભાવે, પૌંઆ એ ખાંડતી.
ભાઈને ભાઈબીજ પાટે બેસાડતી;
પાટે બેસાડતી ને પ્રેમેથી પૂજતી.
  ડાહી કહ્યાગરી............ખેડૂતની દીકરી.
  ભાઈની આંચ જેવી........ખેડૂતની દીકરી.

૬

પાધર જઈને છાણ ગોરમટી લાવતી.
સીમાડે સૂંડલામાં છાણાં એ વીણતી
ગોબરની ગાર કરી લીંપતી ને ગૂંપતી
લીંપણમાં ઓકળીઓ સુંદર સજાવતી.
ચોમાસે ચાર માટે કાદવ એ ખૂંદતી.
ગોજી થતી તોય ગોરી એ લાગતી.
  ડાહી કહ્યાગરી........ખેડૂતની દીકરી.
  શાણી ને કામગરી....ખેડૂતની દીકરી.

૩૦

¶ આ ખેડૂતની દીકરીની પેઠે તમે ઘરમાં શું શું કામ કરો છો અને બધાંને કેવી મદદ કરો છો, એ વર્ગની બાળાઓને પૂછો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૫ મો : નરસિંહ મહેતા



નરસિંહ મહેતાનું નામ તમે સાંભળ્યું છે ?

"હા જી. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા,' એ પ્રભાતિયું મેં સાંભળ્યું છે, તેમાં એમનું નામ આવે છે."

નરસિંહ મહેતા કોણ હતા ?

'એ હરિજન હતા.'

હરિજન હતા એટલે શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ ભગવાનના ભક્ત હતા.'

એ ક્યાં રહેતા વારુ ?

'એ જૂનાગઢમાં રહેતા.'

જૂનાગઢ ક્યાં આવ્યું ?

'એ કાઠિયાવાડમાં ગિરનાર પર્વતની તળેટીમાં આવ્યું.'

નરસિંહ મહેતાની કંઈ વાતો તમે જાણો છો ?

'હાજી. નરસિંહ મહેતાને એમની ભાભીએ મહેણું માર્યું, તેથી એ ઘરમાંથી ચાલી નીકળ્યા. તેમણે મહાદેવના મંદિરમાં જઈ ઉપવાસ કર્યા. સાતમે દહાડે મહાદેવજીએ તેમને દર્શન દઈ કૃષ્ણનાં ભજન કરવા ઉપદેશ આપ્યો. ત્યારથી તેમણે રાતદિવસ કૃષ્ણની ભક્તિ કરવા માંડી.

'નરસિંહ મહેતાનાં સગાંને આ ગમતું નહિ. તેઓ એમને બહુ બહુ પજવતા.

'પણ નરસિંહ મહેતાને ઈશ્વર પર વિશ્વાસ હતો. તેથી ભગવાન તેમની હમેશાં રક્ષા કરતા તથા તેમનાં બધાં કામ પૂરાં કરી આપતા. ભગવાને તેમના દીકરાનો વિવાહ કરી આપ્યો, તેમની દીકરીનું મામેરું કર્યું, તેમની વતી યાત્રાળુના પૈસા ભરી આપ્યા. આવી આવી મહેતાની ઘણી વાતો મારી બાએ મને સંભળાવી છે.'

તમે તો ઠીક વાતો સાંભળી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાત ભૂલી ગયો.'

શી ?

'નરસિંહ મહેતા ઢેડને ત્યાં પણ ભજન કરવા જતા.'

તેમાં શું ? આપણેયે એમને ઘેર જઈએ છીએ.

'હા, પણ મારી બા કહે છે કે, પહેલાં આવું ન હતું. પહેલાં બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરે લોકો ઢેડ, ભંગી, ચમાર, મોચી વગેરે ન્યાતોને અડતા નહિ. અડી જવાય તો નહાતા. આપણે સુધરી ગયા છીએ. પણ નરસિંહ મહેતા સૌથી પહેલા સુધર્યા હતા.'

એ સાચું. ઠીક, હવે બીજું કાંઈ જાણો છો ?

'હવે તો યાદ નથી આવતું.'

ત્યારે હું કહું. નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદિકવિ હતા.

'એની મને ખબર નહોતી. હવે યાદ રાખીશ.'

¶ નરસિંહ મહેતાનાં થોડાં પ્રભાતિયાં શીખવો : ૧. જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, ૨. રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી, ૩. જે ગમે જગતગુરુ દેવ જગદીશને.

¶ મહેતાજી ઢેડને ઘેર કીર્તન કરવા ગયેલા તે પ્રસંગનું ગીત સંભળાવો : 'ગિરિતળેટી ને કુંડ દામોદર.'

¶ નરસિંહ મહેતાના જીવનચરિત્ર ઉપરનાં કવિ પ્રેમાનંદનાં કાવ્યોમાંથી વાંચી સંભળાવો : કુંવરબાઈનું મામેરું, હુંડી.

ચિત્રની ભૂમિકામાં ગિરનાર પર્વતનો દેખાવ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૬ મો : ઉજાણી



નાનપણનો એક દિવસ યાદ આવે છે. અમે એક દહાડો ઉજાણી કરવા ગયાં હતાં.

અમારા ગામથી બે ગાઉ છેટે શંકરની નાની દેરી છે. નાની સરખી તળાવડી છે અને તેની પાળ ઉપર દેરી છે.

પાળ ઉપર ઝાડની સુંદર ઘટા છે. વડ, પીપળા, પીપળ, જાંબુડા, લીમડા, એ બધાં ઝાડ તે પાળ ઉપર હારબંધ આવી રહ્યાં છે. ઝાડોની ઘટાને લીધે શંકરની દેરી પાસે ખરે બપોરે પણ સવારના જેવી ઠંડક રહે છે.

બધી તૈયારી અમે આગલે દિવસે જ કરી રાખી હતી. લાડુ રાત્રે કરી રાખ્યા હતા. કેળાં ને જામફળ ને શેરડી પણ આણી રાખ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દહાડે મળસકામાં હું મારી મેળે જાગી ગયો. રામજીકાકાનું ગાડું તૈયાર જ હતું. બધા મને કહે કે ગાડામાં બેસ, પણ હું તો કાંઈ ન બેઠો. મારી બહેન બેઠી. તેની બહેનપણી સાથે આવી હતી તે પણ બેઠી. સાવ નાનાં છોકરાં હતાં તેમને ગાડામાં બેસાડ્યાં. હું તો કૂદતો કૂદતો સૌની આગળ મોખરે ચાલતો હતો.

અમે દેરીએ પહોંચ્યાં ત્યારે સૂરજ બરાબર ઊગતો હતો. મેં નમસ્કાર કરીને કહ્યું, 'સૂર્યનારાયણ, પધારો અમારી ઉજાણીમાં !'

પાળ ઉપર ગાડું છોડી, બધો સામાન એક ઝાડની નીચે ગોઠવી, પ્રથમ અમે તલાવડીમાં ખૂબ નાહ્યાં. અમે બે ચાર જણ તો તરતા તરતા સામે કાંઠે પણ ગયા.

નાહી રહ્યા પછી શંકરનાં દર્શન કરી બધાં ખાવા બેસવાની તૈયારી કરતાં હતાં, તેવામાં મેં એક ગમ્મત કરી. હું એક જાંબુડા ઉપર ચડી ગયો, ફાંટ ભરીને જાંબુ ઉતારી લાવ્યો, અને જમતી વખતે તે સૌને વહેંચી આપ્યાં.

શી વાત કહું એ ઉજાણીની ? એ તળાવડી ! એ દેરી ! એ જાંબુડાં !

¶ ગામમાં અને પડોશનાં ગામોમાં ઉજાણીઓ, જાત્રાઓ, મેળાઓ, ઓરસો, હાટવાડાઓ વગેરે ભરાતા હશે જ. તે તે સ્થળો કેમ પસંદ કરાયાં છે ?

¶ ઉજાણીમાં રાંધવાનું હોય તો શાં શાં સાધનો લઈ જવાં જોઈએ ? રાંધવાનો વિચાર ન હોય તો શું શું લેવું ? એની ચર્ચા કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૭ મો : ભૂખ્યાંને પોષનારી ખાદી

ભૂખ્યાંને પોષનારી ખાદી,
રે મારી ભૂખ્યાંને પોષનારી ખાદી,
પહેરો મારી ભૂખ્યાંને પોષનારી ખાદી. ટેક.

રાત બધી જાગું ને રેંટિયો કાંતુ તો,
દિન ઊગ્યે શેર જાર પામું;
સુંવાળા લોક બધા ખાદી પહેરે તો,
પેટ ભરી રોટલો પામું.
પહેરો મારી ભૂખ્યાંને પોષનારી ખાદી. ૧

મારા સૂતરની ખાદી તમોને
જાડી ખરબચડી લાગે;
કાંતનારી બહેનના ભૂખ્યા આ પેટનું
દુઃખ કોઈ કેમ કરી જાણે?
પહેરો મારી ભૂખ્યાંને પોષનારી ખાદી. ૨

ઝીણાં સુંવાળાં વિદેશી વસ્ત્રો
વહાલાં સહુને કેમ લાગે?
મારાં બાળુડાંની ભૂખના પોકારે
હૈયાં ન કેમ હજી જાગે?
પહેરો મારી ભૂખ્યાંને પોષનારી ખાદી. ૩

સાડીના ભભકા ને બારીક પોલકાં,
જોઈ જોઈ બહેન મારાં રાચે;
મારાં બાળુડાં પૂરો રોટલો ન પામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓઢવાનાં ચીર ક્યાંથી દેખે ?
પહેરો મારી ભૂખ્યાંને પોષનારી ખાદી. ૪
હૈયાં ખોલીને હવે ભૂખ્યાંના પેટની
વેદનાને જરા વિચારજો;
ખાદી પહેરીને કાંતનારી બહેનને
પેટપૂર રોટલો દેજો.
પહેરો મારી ભૂખ્યાંને પોષનારી ખાદી. ૫

જ્યોત્સ્નાબહેન શુક્લ

¶ ખાદી એટલે હાથકંતામણ અને હાથવણાટનું કપડું.

¶ એક રૂપિયાની ખાદી ખરીદીએ તો તેમાંથી કાંતનાર, પીંજનાર, વણનાર વગેરે ગ્રામવાસીઓને ૧૧ આના જેટલું મળે છે, જ્યારે એક રૂપિયાના સંચાના કાપડમાં ફક્ત ત્રણ સવાત્રણ આના જ મજૂરને મળે છે.

પાઠ ૧૮ મો : રંગનાં છાંટણાં

વર્ગનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ તકલી કાંતે છે. તેઓ તકલીમાં એકતાર થયાં છે. તેઓ ચૂપ-ચાપ કાંતે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વાર કોઈ વિદ્યાર્થી ચુપકીદીમાં રંગનાં છાંટણાં નાંખે છે. જે કોઈ બોલે છે તે એ બાબતની જ વાત બોલે છે. બે વાત બોલે ને ચૂપ થઈ જાય. બાળકો કાન માંડે ને પાછાં એકતાર થઈ જાય.

પારસીની પોરી દીનબાઈ બોલી: 'મારાં માયજીને તકલી બહુ સરસ આવડે છે, હોં. તેમના સૂતરની અમે કસ્તી બનાવીએ છીએ.'

ઘડી પછી ભરવાડનો છોકરો અરજણ બોલ્યો: 'આપણે અહીં રૂ કાંતીએ છીએ તેમ અમારે ઘેર ઊન





કાંતે છે. પણ તેમાં આવડી નાની તકલી કંઈ ન ચાલે. અમે તો મોટા તકલો રાખીએ છીએ.'

થોડી વારે વણકરની બેટી અમીના બોલી: 'આપણા સૂતરનું શું થવાનું એ જાણો છો? એનું તો કપડું વણાશે. અમારે ઘેર સાળ છે, એટલે મને બધી ખબર છે. મારે ઘેર આવશો તો સાળ બતાવીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વાર રહી ખેડૂતનો છોકરો જવાન બોલ્યો: 'મારા બાપા આજે શણની દોરી ભાગતા હતા. મને થયું, એ પણ કાંત્યું જ કહેવાય ને ? આપણું ઝીણું સૂતર અને એમનું જાડું સૂતર.'

વળી શેઠનો દીકરો છગનલાલ બોલ્યો: 'અરે, અમારા ઘરમાં આજે એક રેંટિયો નીકળ્યો. માળિયા ઉપર મારી બા સાફસૂફ કરતી હતી. ઘણી જૂની જૂની ચીજો ત્યાં પડી રહે છે. તેમાંથી આ રેંટિયો જડી આવ્યો. મારી બા કહે છે, તે બહુ જૂનો છે. ૧૦૦ વરસનો તો હશે જ. અમારાં દાદીમા એ રેંટિયે કાંતતાં.'

¶ કાંતતી વખતે અથવા કોઈ પણ કામ વખતે સામાન્ય રીતે તો મૌન જ સારું. માત્ર ક્યારેક કામ સંબંધી બે વાક્ય કોઈ બોલે, ક્યારેક વિનોદનાં બે વાક્ય બોલે અને શાંત થઈ જાય. રંગ ઢોળવાનો ન હોય, તેનાં તો છાંટણાં હોય.

¶ સફાઈ વખતે, ફૂચ વખતે, લખતી કે ચીતરતી વખતે, એમ જુદાં જુદાં કામોમાં મૌન સેવવાની અને ક્યારેક રંગનાં છાંટણાં ઉડાડવાની કળા પ્રયત્નપૂર્વક કેળવો.

પાઠ ૧૯ મો : ભોગીભાઈ અને જોગીભાઈ

ભોગી જોગી બે બંધુના બાપા ખુશાલ ખેડુ;
એને જ્યારે ઘડપણ આવ્યું, આવ્યું જમનું તેડું
ત્યારે બાપ કહે : 'બેટાઓ ! આવો વરાડ પાડું,
ભાઈ ભાઈ સમજીને માગો, ભાગ વારસે પાડું.'
ભોગી માગે રવેશવાળી બાપૂકી ઘર મેડી;
જોગી માગે વાંસ, વાંસલો, કરવત ને કુહાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘કુદરતના ખોળે, નદી પાળે, માળા સરખી મેડી,
એક નહિ એકાવન હું તો બાંધીશ મહૂલી મેડી.’
ભોગી માગે ઘરકાછાની મીઠાં ફળની વાડી,
જોગી માગે હળ, કોદાળી, જોડ બળદની ગાડી.
‘ખેડી ગોડી ખેતર, તોડી ધરતી, રોપીશ વાડી;
એક નહિ એકાવન હું તો ઉગાડીશ વનવાડી.’

ભોગી માગે ચીર હીરનાં, સુંદર કોર પનાનાં;
જોગી માગે ચરખો, પીંજણ, સાળ, રેંટિયો જૂનાં.
‘એ ચારેની ચાલે ચાલે ચીર છૂપ્યાં છે છાનાં,
એક નહિ એકાવન હું તો ચીર બનાવીશ રૂનાં.’

ભોગી માગે રૂપું, રૂપિયા નગદ રોકડા સારા;
જોગી માગે ખેતર, ખાતર, કોશ, કૂવા ને ક્યારા.
‘ખંતભરી ખેતીએ ખોલીશ ધરતીના પેટારા;
એક નહિ એકાવન હું તો ખોલીશ ધનપેટારા.’

ભોગી માગે, જોગી માગે, માગે બન્ને ભાઈ;
એક માગી બાપકમાઈ, બીજે આપકમાઈ

પ્ર૦

¶ ઘરકાછાની = ઘરને લાગીને આવેલી.

¶ ખેડૂતોએ મરતાં મરતાં પોતાનાં છોકરાંને છેવટની શિખામણ આપવા બાબતની નીચેની વાર્તાઓ જાણીતી છે :—

(૧) ડોસો છોકરાઓને કહી ગયો કે, તેણે ખેતરમાં ધનનો ચરુ દાટ્યો છે. ચરુ શોધવા છોકરાઓએ આખું ખેતર ખોદ્યું. ચરુ તો નહોતો, પણ ચરુને મિષે ખેતર ખેડાઈ જવાથી પાકના ઢગલા થયા.

(૨) ડોસાએ છોકરાઓને લાકડીની ભારી ભાંગવા કહ્યું. ન ભાંગી, રાકથા એટલે છૂટી છૂટી ભાંગવા કહ્યું. તે રીતે તેમને સંપીને રહેવાનો બોધ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો : ધ્રુવજી



અપર માએ મહેણું માર્યું છે. ધ્રુવજી વનમાં ચાલી નીકળ્યા છે. ઘોર તપ માંડ્યું છે. એક પગ ઉપર ઊભા છે. હાલતા નથી, ચાલતા નથી, ડગતા નથી.

છ માસ એક તુલસીપત્ર ઉપર રહ્યા છે. છ માસ એક આચમન ઉપર રહ્યા છે. છ માસ એકલી હવા ઉપર રહ્યા છે. પછી તો હવા લેવી પણ બંધ કરી.

વિષ્ણુએ પ્રસન્ન થઈ દર્શન દીધાં. પ્રભુ બોલ્યા :

'ધ્રુવ ! બેટા ધ્રુવ ! જાગ જાગ ! બીજા બધા ફરતા, તું એકલો ધ્રુવ. બીજા બધા ખરતા, તું એકલો ધ્રુવ.'

ધ્રુવનો તારો કદી ખસતો નથી. સાત ઋષિઓ તેને ફરતી પ્રદક્ષિણા કરે છે.

¶ વિદ્યાર્થીઓને ધ્રુવ તારાનાં દર્શન કરાવો. તે ઉત્તર દિશામાં કેટલો ઊંચો ઊગે છે અને હમેશાં ત્યાં જ રહે છે તે તરફ તેમનું લક્ષ ખેંચો. સપ્તર્ષિ તેમ જ આખું ગગનમંડળ ધ્રુવ ફરતું ફરે છે તેનું રોજ રોજ અવલોકન કરવા તેમને સૂચવો

¶ 'જય જય વૈકુંઠરાય વાળું' પ્રસિદ્ધ ધ્રુવાખ્યાન વિદ્યાર્થીઓને સંભળાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૧ મો : સ્થિર આસન



રતન મોટી બહેન છે. કનુ નાનો ભાઈ છે.

કનુથી હજુ પ્રાર્થનામાં સ્થિર બેસી શકાતું નથી. તે હજુ નાનો છે ને? તે આંખો બંધ કરીને બેસે છે ખરો. પણ બંધ કરે કરે ને તેને ઉઘાડવાનું મન થઈ જાય છે. સ્થિર રહેવા જાય છે. પણ આમતેમ હાલવાનું મન થઈ આવે છે.

પરંતુ મોટી બહેન રતન સારી રીતે સ્થિરતા જાળવી શકે છે. તેનાં શિર, ડોક, કાયા ત્રણે સમરેખામાં રહે છે. તે પોતાની આંખો મટમટાવ્યા વિના ઠીક ઠીક વાર અધખોલી રાખી શકે છે. પિતાજીએ બહુ કાળજી લઈને તેને સ્થિર આસનની કળા શીખવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે રતન સ્થિર આસને આંખો મીંચી બેસે છે ત્યારે તેના મનમાં ભજનના ભાવો ઊગે છે. તેના નાના મગજમાં કંઈ કંઈ નવા ચમકારા આવે છે.

એક દિવસ પિતાજીએ પાઠ વાંચ્યો:

'એક મહાન પુરુષ છે. તેને હજાર શીશ છે, હજાર આંખ છે, હજાર હાથ છે, હજાર પગ છે.'

રતનના મનમાં તે સાંભળી ચમકારો થયો. તે બોલી, 'પિતાજી, આપણ સૌનાં ઘણાં માથાં એટલે ભગવાનનાં હજાર માથાં કહેવાય. આપણ સૌના ઘણા હાથ એટલે ભગવાનના હજાર હાથ કહેવાય. મને તો આવું લાગે છે. શું એ ખરું હશે?'

એક દિવસ પ્રાર્થનામાં આવું ભજન ગવાયું:

પ્રભુજી તુમ ચંદન, હમ પાની;
જાકી અંગ અંગ વાસ સમાની. પ્રભુજી૦
પ્રભુજી તુમ દીપક, હમ બાતી;
જાકી જ્યોતિ બરૈ દિન રાતી. પ્રભુજી૦

ભજન પૂરું થયું એટલે રતન બોલી ઊઠી:

'બા બા, આ ભજનમાં નવી લીટીઓ જોડું?
પ્રભુજી તુમ માતા, હમ બેટી;
પ્રભુજી તુમ ચરખા, હમ પૂની.'

વહાલી પુત્રીનાં આવાં વચનો સાંભળી માતાપિતાને પ્રેમનો ઊભરો કેમ ન ચડે? પિતાજી તેને માથે હાથ મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશીર્વાદ આપે છે. માતાજી તેને હૈયા સરસી ચાંપે છે.

¶ સ્થિર આસનનો એટલે કે હાલ્યા ચાલ્યા વિના, આંખ પણ હલાવ્યા વિના અડગ બેસવાનો મહાવરો વિદ્યાર્થીઓને કરાવો. પહેલાં બે મિનિટ, પછી ત્રણ, ચાર, પાંચ એમ ક્રમે ક્રમે વધારતા જાઓ.

¶ સ્થિર ઊભા રહેવાની, સીધી લીટીમાં ચાલવાની ટેવ પણ કેળવવા જેવી છે.

¶ સ્થિર આસન વખતે વિચારના નવા ચમકારા ઝીલવા અને યાદ રાખવા વિદ્યાર્થીઓને ઉત્તેજન આપો.

પાઠ ૨૨ મો : સ્વતંત્ર

માતા—આપણી રતન મારાં કામોમાં અને તમારાં કામોમાં રોજ મદદ કરે છે. તેને બધાં કામકાજ સરસ કરતાં આવડયાં છે. દરેક કામ તે કાળજીથી કરે છે, સફાઈથી કરે છે, ચપળતાથી કરે છે. હવે આપણે તેને કંઈક કંઈક સ્વતંત્ર કામો સોંપીશું ?

પિતા—તમારી વાત મને બહુ જ ગમી છે. રતન હવે મોટી થઈ છે. જરૂર હવે તે સ્વતંત્ર કામ સોંપવા જેવડી થઈ છે.

માતા—છોકરું મોટું થાય તોપણ તેને કોળિયા ભરાવીએ તે બરાબર નહિ. તેને તો પોતાને હાથે ખાતાં શીખવી દેવું જ જોઈએ.

પિતા—આપણા ઘરમાં એવાં ઘણાં કામો છે, જે તમે રતનને ખુશીથી સોંપી શકશો.

માતા અને પિતા વચ્ચે ચાલતો સંવાદ રતન રસથી સાંભળી રહી હતી. તે સાંભળી તેના મનમાં ગલગલિયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા લાગ્યાં. સ્વતંત્ર કામ કરવાનો કોને ઉત્સાહ ન હોય?

રતનના મનમાં થોડો થોડો ગભરાટ પણ હતો:

'કામમાં મારી કંઈક ભૂલ થઈ જશે તો?'

'બા મને રસોડું સોંપશે તો તે મને આવડશે? મીઠું વધારે પડી જશે તો? દાળ શાક દાઝી જશે તો? કોઈ મહેમાન આવી ચડશે તો?'

'બા મને ગાયનું કામ સોંપશે તો તે મને આવડશે? ગાયને કેટલો દાણો મૂકવાનો હશે? તેને તો રાતમાં ઊઠીને નીરણ આપવી જોઈએ. હું રાતમાં ઊંઘી રહીશ તો તે બિચારી ભૂખે જ મરશે!'

માતાએ રતનને પૂછ્યું, 'કેમ બહેન, સ્વતંત્ર કામ સોંપીએ તો તને ગમશે ને?'

રતનના મોઢા ઉપર આ સાંભળી શેરડા પડ્યા. તે બોલી 'હા બા, પણ હું પૂછું ત્યારે મને બતાવશો ને?'

માતા — તું જરા પણ મૂંઝાઈશ નહિ હોં, બહેન. હું તને બધું બતાવતી રહીશ.

નાનો કનુ — બા, મને પણ કામ આપજો. હુંયે મોટો થયો છું.

માતા હસીને બોલ્યાં, 'રતન બહેન જેવડો મોટો થશે ત્યારે તને પણ આપીશ.'

---

૧ બાળકોને સોંપવા જેવાં સ્વતંત્ર કામો ક્યાં ક્યાં હોઈ શકે તેની તેમની સાથે ચર્ચા કરો: ઘરકામો, ધંધાઓને લગતાં કામો, શાળાનાં કામો. શાળામાં બને તે સ્વતંત્ર કામો તેમને સોંપવા પ્રયત્ન કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૩ મો : ગોરસ

માતાપિતા વચ્ચે વાત થઈ ગયા પછી રતનબહેનને સ્વતંત્ર કામ મળવા માંડ્યું. તેને મૂળથી જ કામ કરવાનો શોખ હતો. પણ હવે તો તેને તેમાં બહુ જ રસ પડવા લાગ્યો.

એક મહિનો રતને સવારનો નાસ્તો તૈયાર કર્યો, ત્યાર પછી એક મહિનો તેણે વાસણ અજવાળ્યાં. ત્યાર પછી એક મહિનો તેણે છાણવાસીદું કર્યું. હવે તેને એક માસ સુધી ગોરસ સંભાળવાનું સોંપવામાં આવ્યું છે.

આ કામ બહુ મહેનતનું નથી. પણ તેમાં ઘણી જ કાળજી રાખવાની હોય છે. પિતાજીએ તેને દૂધની સ્વચ્છતા વિષે સારી રીતે સમજાવ્યું:

'જો બહેન, આ વખતે તને ઘણું જ ઝીણવટનું કામ સોંપીએ છીએ. દૂધની સ્વચ્છતા જાળવવી એ તલવારની ધાર પર ચાલવા બરાબર છે. નજરે દેખાય તેવો મોટો કચરો તેમાં પડવા ન દેવો એ તો સહેલું છે. પણ દૂધને તો નજરે દેખી ન શકાય એવા બારીક મેલથી પણ બચાવવાનું છે.'

રતને પિતાજીની પાસેથી સ્વચ્છતાના બધા નિયમો શીખી લીધા. તે ગોરસના કામમાં બહુ જ ઝીણવટથી વર્તે છે. દૂધને તે કદી આંગળી પણ અડકવા દેતી નથી. દૂધનાં વાસણોને સાફ રાખ વડે જ માંજે છે. બા જ્યારે

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાય દોહવા જાય છે ત્યારે રતન ગરમ પાણી લઈને પહોંચી જાય છે. તેનાથી તે બાના હાથ અને ગાયના આંચળ ધોવડાવે છે.

દૂધ દહોવાય કે તરત બા તે રતનબ્હેનને સુપરત કરી દે છે. રતન તેને સ્વચ્છ ગળણીથી ગાળી તરત ઉકાળે છે. પછી તે સ્વચ્છ પ્યાલાઓમાં સૌને પીવા આપે છે.

વધેલું દૂધ તે સાચવીને કોઠામાં રાખી મૂકે છે. રતન તે કોઠામાં દૂધનો છાંટો પણ ન પડે એવી હોશિયારી રાખે છે. તે તેને વખતોવખત ગરમ પાણી અને ખારાથી ધોવાનું ચૂકતી નથી. માખીબાઈની હિંમત નહિ કે રતનના કોઠામાં પેસી શકે.

દૂધ મેળવવાની ફરજ પણ રતનને માથે જ છે, તે બાબતમાં હવે તે પાકી કારીગર થઈ ગઈ છે. તેને મેળવણનું પ્રમાણ બરાબર સમજાઈ ગયું છે. તેનું જમાવેલું દહીં હમેશાં દડબા જેવું બને છે, જોઈએ તો ચમચા વડે કાપી લો!

¶ આ જ પ્રમાણે પાણીના લોટા કે પ્યાલામાં આંગળાં ન બોળાય એવી રીતે લોટો તથા પ્યાલો પકડાય; ભોંય પડી ગયેલી વસ્તુ ધોયા વિના ન ખવાય; ચમચો, તાલેથો કે ગળણી ભોંય પર ન મુકાય; જે કકડાથી આપણે હાથમોં લૂછયાં હોય તે કકડાથી થાળી કે વાડકી ન લુછાય; એવા બધા સ્વચ્છતાના નિયમોની વિદ્યાર્થીઓ પાસે ચાકી કરાવો અને તે ખૂબ ચીવટથી પાળવાનું તેમને સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૪ મો : વાડી

રતનબહેનની વાડી નાની સરખી છે, પણ તે ઘણી જ રળિયામણી છે. તે તેવી સુંદર હોય તેમાં શી નવાઈ? તેના ઉપર કાંઈ ઓછી મહેનત લેવાતી નથી. પિતાજીએ તેને પરસેવાનું ખાતર આપીને ઉછેરી છે.

પિતાજીને આખો દિવસ વાડીનું જ ચિંતવન રહે છે. તેમણે વાડીમાં જ છાપરી બાંધી છે, અને વરસમાં અરધા ઉપર દિવસો આખું કુટુંબ વાડીમાં જ વાસો કરે છે.

પિતાજીને જ્યારે જુઓ ત્યારે તેમના હાથમાં કોદાળી હોય જ. આ વાડી કાંઈ ભાડૂતી મજૂરોએ ખીલવી નથી. તસુ તસુ ભોંય ઉપર પિતાજીની કોદાળી ચાલી છે. એકેએક ઝાડ ઉપર, એકેએક છોડ ઉપર પિતાજીનો હાથ ફર્યો છે.

જેવાં ઘરમાં રતનબહેન અને કનુ, તેવાં તેમને વાડીનાં ઝાડ છે. વાડીનું તરણું તરણું તેઓ ઓળખે છે. પિતાજી તો ઓળખે જ, પરંતુ રતનબહેન પણ ઝાડોને સારી રીતે ઓળખે છે. અરે, એટલો નાનો કનુ પણ હવે ઓળખતો થયો છે.

એમના ઘરમાં નિયમ છે કે, વધારે કામ નીકળે ત્યારે ઘરનાં નાનાં મોટાં સૌ કામે વળગી જાય.

આ પેલી રતનબહેનને જુઓને. પુસ્તકોનું દફતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડે ટાંગીને તે પાણી વાળવા લાગી ગઈ છે. પિતાજીએ કોશ જોડ્યો છે. સવારે માતાજી પાણી વાળતાં હતાં. રતન શાળાએથી આવી ત્યારે તે છૂટ્યાં અને ઘરકામ કરવા ગયાં

પિતાજી સવારના કોશે જૂત્યા છે, તે હજુ જૂતેલા જ છે. બપોરે ભાથું ખાવા બેઠેલા એટલો વખત જ પગ વાળવા પામ્યા છે. તેમના બળદને પણ એટલો જ આરામ મળ્યો છે. બે ઘડી બેઠા ન બેઠા ને પાછા કોશે જોડાઈ ગયા છે.

ઉનાળો ધૂમ તપે છે. ક્યારા પાણીથી તરબોળ કરીએ, પણ બે દિવસમાં તો તે સૂકાભઠ પડી જાય છે થોડા દિવસ આકરા જવાના છે. એટલી તક સાચવી લઈ ચોમાસા ભેગા થઈ જવાનું છે.

બળદ પણ જાણે ધણીની તક સમજી ગયા છે. તેમને ડચકારો પણ કરવો પડતો નથી. ધણી એમને દીકરા જેવા રાખે છે. તેલ અને ગોળથી તેમને ધરવે છે, લીલું કંચન જેવું સૂંઢિયું તેમને નીરે છે. પિતાજી કહે છે, 'બેટાઓ, ખાઓ. તમારી મહેનતનું છે ને તમારે ખાવાનું છે. તમને તો આજે સોનાં કાપીને ખવડાવું તોપણ ઓછું છે.'

નાના કનુએ વિનોદ કર્યો: 'પિતાજી, બળદ તમારું કહેવું સમજતા હશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજી — મારી ભાષા તે ભલે ન સમજે. પણ મારો અવાજ તેઓ ઓળખે છે, અને મારો ભાવ તો ઝટ સમજી જાય છે.

* વિદ્યાર્થીઓને વાડીમાં લઈ જઈ તેમને ફળ, ફૂલ અને શાકભાજી વિષે, તથા તેને માટે યોગ્ય મોસમો વગેરે વિષે માહિતી આપો. ક્યાં ફળોને કઈ આબોહવા અને કેવી જમીન માફક આવે છે, તે વિષે પણ કહો.

* કૂવામાંથી પાણી ઊંચે ચડાવવાની જુદી જુદી રીતોનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપો : રામૈયો કોશ, સૂંઢિયો કોશ, રહેંટ, પમ્પ.

પાઠ ૨૫ મો : ભલે પધારો

બાલમંદિર

શનિવાર, ચૈત્ર સુદ ૫

પૂજ્ય બહેન,

અમે આપને એક તસ્દી આપવા માગીએ છીએ. અમારી વાનરસેનાને આપની વાડી બતાવવા લઈ આવવી છે.

આપને અગવડ તો પડશે. પણ તેમાં મારો વાંક નથી. વાંક બધો આપનાં રતનબહેનનો છે. તેણે જ અમારાં વાંદરાંને ગાંડાં કર્યાં છે. વાડીની સરસ સરસ વાતો કરી તેણે છોકરાંને ખૂબ જ રંગ ચડાવ્યો છે. છોકરાંઓ અધીરાં થયાં છે, અને આ ચિઠ્ઠી લખવા બેઠી ત્યારે જ તેઓ શાંત થયાં છે.

અમે આવતા સોમવારે સવારે ૮ વાગ્યે આવવા ધારીએ છીએ. આશા છે કે આપને અગવડ નહિ થાય.

મુરબ્બી મોટાભાઈને તે દિવસે ફુરસદ હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારે વાડીનો અભ્યાસ કરવો છે. તેઓ અમને બધું સમજાવશે તો મોટો ઉપકાર થશે. ચિ. રતન કહે છે કે, અમારી વાડી વિષે ઘણું ઘણું જાણવા જેવું છે. મોટાભાઈ પાસેથી તે સાંભળવાનું અમને બહુ મન છે.

બીજી એક વિનંતિ. અમને એક કલાક વાડીમાં કંઈ પણ કામ આપશો. જરૂર આપશો એવો મારો આગ્રહ છે

ચિ. રતન સાથે જવાબ મોકલશો. તસ્દી માટે માફી માગું છું.

આપની બહેન
કમળાના જય ભારત

	અ. સૌ. ગંગાબહેનને પહોંચે
રવાના : કમળા, બાલમંદિર	વાડીમાં

ચૈત્ર સુ. ૬, વાર રવિ.

પ્રિય બહેન,

ચિ. રતને તમારી ચિઠ્ઠી આપી. સોમવારે સવારે વાડી જોવા ભલે પધારો. રતનના પિતાજી અને હું તમારી સેવામાં હાજર રહીશું.

અમારી વાડી તો નાની સરખી છે. તેમાં બહુ જોવા જેવું શું હોય? પણ બાળકોને કંઈક કંઈક શીખવાનું જરૂર મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે કામ માગ્યું છે. તો તમારી મંડળીને શેરડી ખાવાનું કામ સોંપવું એવો અમે વિચાર રાખ્યો છે!

લિ. શુભેચ્છક

ગંગાના આશીર્વાદ

¶ ગંગા : રતનનાં માતાજી; મોટાભાઈ: રતનના પિતાજી; કમળા : શિક્ષિકા.

¶ આવા કંઈક સાચા પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તમે પણ વિદ્યાર્થીઓનાં માતાપિતા સાથે પત્રવ્યવહાર કરો. તે વખતે વિદ્યાર્થીઓ સાથે તેમાં શું લખવું વગેરે બાબતની ચર્ચા કરો અને તેમની સૂચનાઓને બને ત્યાં માન આપો.

¶ પત્રલેખનમાં નાનાં મોટાંને અને મોટાં નાનાંને કેમ લખે તેના નિયમો સમજાવો.

¶ બાળકોને પત્રો લખવાના પ્રસંગો સૂચવો અને તેમાં આ પત્રોની જેમ તેઓ વિનોદ લાવી શકે છે કે કેમ તે જુઓ.

પાઠ ૨૬ મો : વાડીનો નકશો



રતનબહેનનાં પિતાજી અને માતાજી ઝાંપામાં જ ઊભાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેને તેમને પ્રણામ કરી કહ્યું, 'આ બાળકો હવે આપને સોંપી દઉં છું. હવે આપ તેમનાં શિક્ષક. હું વિદ્યાર્થીઓ ભેગી વિદ્યાર્થિની થઈ જાઉં છું.'

પિતાજી હસીને બોલ્યા, 'ત્યારે તો મારે શિક્ષકની જેમ બધું બતાવવું પડશે.

'ઠીક છે. જુઓ ત્યારે નાનાં નાનાં વિદ્યાર્થીઓ! અને અમારાં મોટાં વિદ્યાર્થિની બહેન! પહેલાં હું તમને અમારી વાડીની રચના બતાવીશ.'

એમ કહી તેમણે જમીન ઉપર લાકડી વતી વાડીનો નકશો ચીતર્યો.

'જોઈ આ અમારી વાડી? કેવી વાંકીચૂંકી છે?

'આ જમીન અમે બાર વર્ષ ઉપર રાખેલી. તે વખતે તો તે એવી હતી કે જોવી પણ ન ગમે. ક્યાંક ઊંચી, ક્યાંક નીચી, અને છાપરા જેવી ઢળતી.

'મિત્રો મારી હાંસી કરવા લાગ્યા, તમે તો છાપરા ઉપર ખેતી કરો એવા લાગો છો!

'મેં કહ્યું, છાપરું તો છાપરું. મહેનત કરી છાપરામાં ક્યારાઓ બાંધી લઈશું.'

રતનનાં માતાજી બોલ્યાં, 'અમારી રતન જન્મી તે જ વર્ષે આ વાડી અમે લીધેલી. એટલે રતન અને વાડી સરખી ઉંમરનાં છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેન — એમ ! ત્યારે તો હવે અમે જોઈશું કે, બાર વર્ષમાં કોણ વધારે ડાહ્યું થયું — વાડી બહેન કે રતન બહેન ?

પછી પિતાજીએ નકશા ઉપર જુદી જુદી જગ્યાઓ બતાવી.

'એક ખૂણામાં ઊંચી ટેકરી છે. તેથી કૂવો અમે ત્યાં જ બાંધી લીધો છે. ત્યાંથી પાણીને જ્યાં લઈ જવું હોય ત્યાં તે સડસડાટ જાય છે. અમારે રહેવાની છાપરી પણ અમે તે ટેકરી ઉપર જ બાંધી છે.

'અમારું મોટું કામ જમીનનો ઢોળાવ સુધારવાનું હતું. ચાર વર્ષ સુધી તેના ઉપર ચાંચવો ચલાવ્યો છે. આજે તો તેનું રૂપ જ બદલાઈ ગયું છે. તે જોઈ તમને પહેલાં કેવું હતું તેનો ખ્યાલ નહિ આવે. ઢોળાવ ખોદી અમે સપાટ પાટાઓ પાડી દીધા છે. પહોળાં પહોળાં પગથિયાં હોય નહિ, એવા તે તમને દેખાશે.'

વાડીની રચના સમજાવ્યા પછી પિતાજી તે મંડળીને વાડીની અંદર લઈ ગયા.

કેવી રળિયામણી વાડી ! જ્યાં નજર નાખો ત્યાં લીલું જ લીલું ! તેની ઠંડકથી આંખો ઠરતી હતી, મગજ તર થતું હતું.

¶ ચિત્રમાં ઊંચાણ નીચાણ અને બીજી વિગતો શોધવા વિદ્યાર્થીઓને કહો.

¶¶ આસપાસની સીમમા વરસાદથી ઢાળવાળાં ખેતરો ધોવાઈ ગયાં હોય તે બાળકોને બતાવો. ધોવાઈને ખેતરની માટી કઈ તરફ ગઈ ? ખેતરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કસ વિનાની જમીન કેવી દેખાય છે? તેમાંનો પાક કેવો નબળો છે? વગેરે. એક નાના સરખા ક્યારામાં પાણી રેડીને, ધોવાણની ક્રિયા બતાવી શકાય.

૧ રતનના પિતાજીએ નકશો દોરી વાડીની રચના સમજાવી તેમ તમે પણ ખેતરોની, વાડીઓની, ગામનાં ફળિયાંઓની રચના સમજાવો.

પાઠ ૨૭ મો : બાળકો વાડી જુએ છે

વાડીમાં પેસતાં જ પિતાજીએ કહ્યું, 'જોઈ આ કિનારે કિનારે આંબાઓની હારો? બધા આંબા સરખા નથી. તેમની ઉંમર જુદી જુદી છે. એક હારના આંબા ઝાડ જેવડા થઈ ગયા છે. બીજી હારના તેનાથી નાના છે. ત્રીજી હારના તો હજુ કમર જેવડા જ થયા છે.

'તે બધા અમે એકસાથે રોપેલા નથી. દર વર્ષે થોડા થોડા રોપતા જઈએ છીએ. સામટા રોપીએ તો અમારાથી પહોંચાય નહિ ને?'

ત્યાર પછી બાળકોને ક્યારાઓમાં ફેરવવા માંડ્યાં.

એક વિભાગમાં જમરૂખ, ચીકુ, દાડમ, લીંબુણ, પપૈયા, કેળ વગેરે ફળઝાડો હતાં.

બીજા વિભાગમાં રીંગણાં, ડુંગળી, કોબી, ટમાટાં, ગાજર, મૂળા, પાલખ, એવાં શાકભાજી હતાં.

ત્રીજા વિભાગમાં શેરડીનો વાઢ હતો.

વળી ચોથા વિભાગમાં જાતજાતનો ચારો ઉગાડેલો હતો: જેવો કે રજકો, સૂંઢિયું, મકાઈ.

પિતાજીએ કહ્યું, 'હું એવું માનું છું કે પોતાના ઢોર માટે પૌષ્ટિક ચારો ન ઉગાડે તે ખરો ખેડૂત જ નહિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે વચ્ચે ક્યારાઓ વાસલ મૂકયા હતા. પિતાજીએ કહ્યું, 'આ ક્યારાઓ હમણાં થાક ખાય છે. સૂરજના તાપમાં તપી તે પાછા થોડા વખતમાં તૈયાર થઈ જશે.'

ફરતાં ફરતાં છોકરાંએ ગોશાળા પણ જોઈ. ત્યાં હારબંધ ખાડાઓમાં ખાતર પાકી રહ્યું હતું. પિતાજીએ કહ્યું, 'આ ચારે તરફ ફાલેલું ફૂલેલું જુઓ છો તે કોના પ્રતાપ છે? આ ખાતરના જ. ખેતીને ગોશાળા વિના ન ચાલે અને ગોશાળાને ખેતી વિના ન ચાલે.'

માતાજીએ કહ્યું, 'ચાલો હવે છોકરાં થાકયાં હશે બધાં આ કૂવા પર જઈ હાથ મોં ધોઈ લો.'

બહેન બોલ્યાં, 'ના જી, માફ કરો. એટલામાં અમે હાથ મોં શેનાં ધોઈએ? હજી અમારે વાડીમાં કામ કરવાનું છે ને?'

પિતાજી—કામ કરવું જ છે?

બહેન—હા જી. મહેરબાની કરી અમને નિરાશ ન કરશો. અમને કામ કરવાની બહુ જ હોંશ છે.

પિતાજી—જાઓ ત્યારે, કેટલાંક બાળકો જમરૂખ ઉતારો, કેટલાંક શાકભાજી ઉતારો, અને કેટલાંક શેરડીના સાંઠા કાપી લાવો. બેટા રતન, એ લોકોને ટોપલીઓ આપ અને સાથે રહી બધું બતાવ.

બહેન—આપે તો અમને ઘણું જ રસિક કામ બતાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો આનંદી પંખીડાંની જેમ ઊડ્યાં અને ક્યારાઓમાં વેરાઈ ગયાં.

પછી માતાજીએ તેઓને છાપરી પાસેની ફૂલવાડીમાં બેસાડયાં. કનુએ દરેક બાળકને એકેક જામફળ આપ્યું, અને રતને દરેકને બબ્બે શેરડીની કાતરીઓ આપી.

---

* વાડીનાં જુદા જુદા છોડનાં લક્ષણોની નોંધ કરવા બાળકોને કહો — પાન કેવાં છે ? ફૂલ કેવાં છે ? ક્યારે રોપાય ? શેનાં શેનાં બી વવાય છે, શેનું શેનું ધરુ રોપાય છે અને શેની શેની કલમ કરાય છે ?

પાઠ ૨૮ મો : ખેડુનાં ઓજારો

વાંકુ વાંકુ શીંગ જેવું, કરકરિયાળી ધાર;
જાર વાઢે બાજરી વાઢે, વાઢે લીલી ચાર
એ ઓજાર દાતરડું,
ખેડુતું છે હાથરડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોળા પહોળા દાંત જેવું આડું એનું ફળ;
ખોદે, ગોડે, ઢેફાં કાઢે, જો કાંડામાં બળ.
જાણી જાણી જોરાળી,
ખેડુની એ કોદાળી.



કોદાળી તો ક્યારો ગોડે, ખોદે નાનાં ભોથાં,
ખેતર કોણ ખેડી કાઢે, જોડે જો બે ગોધાં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઓજાર હળ છે,
ખેડુનું એ બળ છે.



ખાદંળ ન મળે, બીજ ન મળે, નથી વરસ્યું પાણી;
કોના પરતાપે આ મારી લીલી કંચન વાડી?
મેઘરાજનો છૈયો,
કોશ એહ રામૈયો.

જુગતરામ દવે

¶ ખેતીનાં ઓજારોનાં ચિત્રો દોરતાં શીખવો. તેના જુદા જુદા ભાગોનાં નામો પૂછો.

¶ બીજાં ઓજારો વિષે પણ આવાં જોડકણાં કરવા બાળકોને પ્રેરો: પાવડો, દંતાળી, કરબ, કુહાડી, ગાડું વગેરે.

¶ હાથરડું = હાથ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૯ મો : હરિજન

રઘાકાકાનો દીકરો મેઘજી અમારી શાળામાં ભણવા આવે છે. તે મારો મિત્ર છે.

રઘાકાકા ભંગી છે, પણ હવે અમે કોઈ તેમને ભંગી કહેતાં નથી, પણ હરિજન કહીએ છીએ.

મેઘજી મારે ઘેર ઘણી વાર આવે છે. અને હું પણ તેને ઘેર ઘણી વાર જાઉં છું.

રઘાકાકાને ચોખ્ખાઈની બહુ જ ચીવટ છે. તે કહે છે કે, 'અમારો ધંધો ગંદા થવાય એવો, એટલે અમારે બહુ છૂટથી નાહવું ધોવું જોઈએ. બીજા લોક દિવસમાં એક વાર નહાય તે ચાલે. અમારે તો જેટલી વાર કામ કરીએ તેટલી વાર નાહવું જોઈએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના ઘર પાસે જ કૂવો બંધાવ્યો છે. કૂવા પાસે નાહવા ધોવા માટે ઓરડી અને ચોતરો છે. રઘાકાકાના ઘરમાં નાનાં મોટાં બધાંય દિવસમાં બબ્બે અને ત્રણ ત્રણ વાર સ્નાન કરે છે.

વળી રઘાકાકાએ પોતાના આંગણામાં સુંદર ફૂલવાડી બનાવી છે. તેઓ કહે છે કે, 'અમારો ધંધો ગંદકી સાફ કરવાનો, એટલે અમારું ઘર તો અમારે દેવ-મંદિર જેવું રાખવું જોઈએ.'

રઘાકાકાની વાડીના ગુલાબ મોગરા આખા ગામમાં પંકાય છે. ખેતરવા છેટેથી એમની વાડીની મહેક આવે છે. તેનું કારણ જાણો છો? જે કંઈ કચરો રઘાકાકા વાળે છે તે બધો તે ખાડામાં દાટે છે. તેઓ તેનું ખાતર બનાવે છે. પછી તેમનાં ફૂલઝાડ ખાતર વિના ભૂખ્યાં શા માટે રહે?

આજે ગાંધીજીનો જન્મદિવસ હોવાથી મારા બાપુ, મારી મા અને ગામનાં બીજાં ઘણાં ભાઈબહેનો હરિજન-વાસમાં ગયાં હતાં. ત્યાં એકબીજાં હળ્યાં મળ્યાં હતાં. હરિજનોની ભજનમંડળીએ ભજનો ગાયાં હતાં. પાછા ફરતાં મારા બાપુએ રઘાકાકાને આમંત્રણ આપ્યું છે કે, 'આજે રાત્રે અમારા ફળિયામાં તમારા વાસની મંડળી લઈને જરૂર આવજો.'

આજે રાત્રે ખૂબ જ મજા આવશે. અમારા હરિજનવાસની ભજનમંડળી ગામમાં જાણીતી છે. તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંબૂરો બહુ મોટો છે. તે મોરપીંછ અને કોડીઓ અને ચણોઠીઓથી મઢેલો છે. તેઓ ઢોલક અને ઝાંઝ કરતાલ વગાડવામાં ઘણા જ હોશિયાર છે. મેઘજી નાનો છે, પણ તેને કરતાલ અને મંજીરા બહુ સરસ આવડે છે. તે કોઈ કોઈ વાર મીઠા કંઠથી ભજન ગવડાવે પણ ખરો.

આજે રાત્રે બહુ આનંદ આવશે.

¶ હરિજન એ માનભર્યું નામ અછૂત કહેવાતા આપણા દેશજનોને ગાંધીજીએ આપ્યું છે. તે પહેલાં તેમને અંત્યજ (=નાના ભાઈ) એવા નામે બોલાવવામાં આવતા.

¶ કોઈ પણ મનુષ્યને અછૂત ગણવો એ મોટો અન્યાય અને પાપ છે. તેઓનાં બાળકોને શાળામાં સૌની સાથે બેસવાનો હક છે. તેમને ગામને કૂવે પાણી ભરવાનો અને મંદિરોમાં દર્શન કરવા જવાનો હક છે.

પાઠ ૩૦ મો : નદી

આ પાણીને બીજો કંઈ ધંધો હશે કે નહિ? ખળ ખળ ખળ વહ્યું જ જાય છે. સવારમાં વહેતુ હતું, બપોરે વહેતુ હતું, અત્યારે સાંજરે પણ વહે છે. રાત્રે આપણે સૌ સૂઈ જઈશું ત્યારે પણ એ તો વહ્યાં જ કરતુ હશે. એક મોજા પાછળ બીજું મોજું, બીજા પાછળ ત્રીજું, ત્રીજા પાછળ ચોથું, ચોથા પાછળ પાંચમું. એનો કંઈ અંત જ નહિ!

અરે, નદીનાં મોજાંઓ! જરા ઊભાં રહીને તમારી વાત તો સંભળાવતાં જાઓ. તમે કયા પર્વતનાં વસનારાં? તમે કયાં કયાં વન જોયાં? કયા કયા વગડા જોયા? કયાં

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં ગામ જોયા? ક્યાં ક્યાં શહેરો જોયાં? કેટલાં કેટલાં ખેતર પાયાં? કેટલી કેટલી વાડીઓ પાઈ? કેટલા કેટલા રંક સંતોષ્યા? કેટલા કેટલા રાજા સંતોષ્યા? કેટલાં ગામનાં બાળકો રમાડયાં? કેટલાં વનનાં હરણાં રમાડયાં? ઊભાં રહો, નદીનાં મોજાંઓ, ઊભાં રહો. ક્ષણવાર ઊભાં રહો. તમારી વાત સંભળાવતાં જાઓ.

એ કંઈ ઊભાં રહે? એ તો એકશ્વાસે દોડયાં જાય છે ને ખળ ખળ ખળ ગાતાં જાય છે. કોઈ એમનું ગીત સમજનાર?

ધડ ધડ ધડ! ધડ ધડ ધડ! આ શાનો ધડધડાટ? પેલી ટેકરી પાછળ પાણીનો ધોધ છે.

ઓહો, આજ કે ધોધ? શું પાણીનું જબરું જોર છે! પથ્થરના ખડકાને તો તોડી નાખ્યા છે. પાણી ઊછળી ઊછળીને પડે છે. જોર કરી કરીને પડે છે. જાણે ગાંડો હાથી ઝાડ સાથે માથું અફાળતો ન હોય!

એનો રંગ તો જુઓ. ધોળો ધોળો દૂધ જેવો, ધોળો ધોળો રૂના પોલ જેવો. અંદર પાછી સૂરજની તડકી પડે છે, તેથી ધોધનું પાણી રંગબેરંગી દેખાય છે.

મનમાં થાય છે કે, જાણે ધોધમાં પગ બોળીને બેઠા જ રહીએ. ખાઈએ પણ નહિ ને ઊઠીએ પણ નહિ, અને પાછા ઘેર પણ જઈએ નહિ! ધોધનું પાણી જોયાં જ કરીએ ને તેને આંગળાંથી રમાડ્યાં જ કરીએ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોધમાં નાહ્યા વિના તો નહિ રહેવાય. પગ લપસી જશે તો? અરે, એમ શું લપસે? ભેખડમાં આંગળાં બરાબર ભરાવી રાખીશું. પછી માથું ધોધની નીચે રાખીશું.

ધડધડાટ પાણી માથા ઉપર પડે છે. માથું તો ધ્રૂજી ઊઠે છે. બંધ પાણીમાં બહુ નાહ્યા અને વહેતાં પાણીમાં પણ બહુ નાહ્યા, પણ આ ધોધમાં નાહવાની ખૂબી જુદી જ છે.

¶ નજીકની નદીઓના તટ ઉપર પર્યટનો ગોઠવો.

¶ વિદ્યાર્થીઓને તરતાં શીખવશો તો જ તેઓ નદીના પ્રવાહ અને ધોધથી નિર્ભય બની તેમનો આનંદ ભોગવી શકશે.

¶ ગુજરાતની મોટી નદીઓ વિષે જાણવા જેવી માહિતી આપો.

પાઠ ૩૧ મો : કાળુડી



કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં,
ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે,
હાલો ગલૂડાં રમાડવા જી રે.
માડીને પેટે ચસ ચસ ધાવે,
વેલે ચોટયાં જેમ તૂરિયાં રે. હાલો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાને માથડે ચડતાં ને ચાટતાં,
　　જોગણનાં જાણે લટૂરિયાં રે. 　　હાલો૦
રાતાં માતાં ને રોમ રોમે સુવાળાં,
　　હોય મીઠાં ગાલમસૂરિયાં રે. 　　હાલો૦
બાને વહાલાં છે જેમ વીરો ને બહેની,
　　કાળવીને વહાલાં કુરકુરિયાં રે. 　　હાલો૦
મોટાં થાશે ને મારી શેરી સાચવશે,
　　જાગશે રાતે બહાદુરિયાં રે. 　　હાલો૦
ટીપુડો ટીપુડો ડુંગરડે ઘૂમશે,
　　ગૌધેન ભેળા વળાવિયા રે. 　　હાલો૦
મોતિયો ને માનિયો ઓકે રોકાશે,
　　વાછરુ ને પાડરુ ભળાવિયાં રે. 　　હાલો૦
ડાઘિયો ને ડૂઘિયો ખેતરમાં જાશે,
　　વાસુ રહેશે બે રખોપિયા રે. 　　હાલો૦
કાળિયો ને લાલિયો પાદર પસાયતા,
　　બાઉ બાઉ આલબેલ બોલિયા રે. 　　હાલો૦
ગોળ ઘી લોટના શીરા બનાવ્યા,
　　કાળુડીનાં પેટડાં પૂરિયાં રે. 　　હાલો૦
પેટ ભરી માડી બાળક ધવરાવે,
　　ધાવીને પોઢે ટીપુડિયાં રે. 　　હાલો૦

ઝવેરચંદ મેઘાણી

---

૧ બિલાડી, ખિસકોલી, ઉંદરડી, બકરી, ગાય વગેરે બાળકોનાં બીજાં દોસ્તોનાં ગીતો પણ તેમને શીખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૨ મો : ધનસી બાબો

ધનસી બાબો આઠ વરસનો છોકરો છે. તે જાતે ભીલ છે. તે આખો દહાડો ધોતલી ને પહેરણ ને ટોપી એ બધાંનો ઠઠારો કરીને ફરતો નથી. ધનસી કમ્મરે એક દોરડી બાંધી તેમાં લંગોટી ખોસીને ફરતો ફરે છે. પણ લંગોટીમાંયે તે પોતાનું શોખીનપણું બતાવે છે. તે લંગોટીનો એક છેડો આગળ અને બીજો છેડો પાછળ લટકતો રાખે છે.

આવડો નાનો છે, પણ તે કહો તેવા ઝાડ ઉપર ચડી જાય. વડ કે પીપળા કે આમલી ઉપર ચડે તેમાં તો નવાઈ જ શી? પણ નાળિયેરી અને તાડ ઉપર પણ ચડી જાય. વાંદરા જેટલી ચપળતાથી તે ઝાડ ઉપર ચડી જાય છે. અને ચડતાં પેલો લંગોટીનો છેડો લટકતો હોય, તે પૂંછડી જેવો દેખાય! આપણને લાગે કે, આ તે ધનસી કે નાનકડો વાંદરો!

ધનસી લખોટીએ રમે છે ત્યારે પાંચ પાંચ, દસ દસ હાથ છેટે લખોટી પડી હોય તેનેય તડ દઈને તે આંટી પાડે છે. ગિલ્લીદંડાંમાંયે તે એવો જ. અને અગરપઢ્ઢામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તે બિલાડીના બચ્ચાની પેઠે હાથમાંથી સરકી જાય.

પણ કોઈ એમ ન ધારશો કે, ધનસી બાબો ખાઈપીને આખો દિવસ રમ્યાં જ કરતો હશે. છાપરી છાવાની હોય તો ધનસી ચડપ ઉપર ચડીને કામ કરવા મંડી જાય છે. વાડામાંથી છાણના ટોપલા ભરીને ઉકરડામાં નાખવાના હોય, તો તે માટેયે તૈયાર. છાપરીના માળિયા ઉપર લાકડાં ખડકવાં હોય, તો તેમાંયે ધનસી કામે વળગી જાય છે. અને માળિયા ઉપર ચડવાને એને નિસરણીની જરૂર થોડી પડે છે? એ તો થાંભલે બાઝીને પટ પટ ચડી જાય છે.

એના ખેતરમાં મોલ પાકયા હોય ત્યારે ધનસી બાબાને ખરું કામ હોય છે. ગોફણ અને તીરકામઠું લઈને એ ખેતરમાં પહોંચી જાય છે, અને પંખીઓને ઉડાડતો ત્યાં જ રહે છે. ગોફણમાંથી તે ધાર્યો ઘા કરી શકે છે, અને તીરકામઠામાં પણ એ પાકો નિશાનબાજ છે. ખેતર સાચવવાનું કામ ન હોય ત્યારે તે પોતાનાં ગાય બળદને સીમમાં ચરાવવા લઈ જાય છે. એને ટાઢ નડે નહિ અને વરસાદ પણ કાંઈ હિસાબમાં નહિ.

હમણાં તો ધનસી રેંટિયો શીખે છે. છે ઠિંગુજી, એટલે હાથો ઝાલે તો ત્રાક છેટી પડે, અને ત્રાક તરફ નમે તો હાથો છૂટી જાય' તોયે તે રેંટિયાને એમ છોડે એવો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું આટલું રમે અને આટલું આટલું કામ કરે; પછી ભૂખ લાગવામાં મણા રહે? ધનસી બાબો તો જુવારનો રોટલો ને ભડકું ધરાઈને ઝાપટે છે. કોઈ વાર છાશનું ટીપું હોય તો ઠીક, નહિ તો મરચાનું અથાણું મળ્યું એટલે બધુંય આવી ગયું.

ત્ત બાબો = ભાઈ (ચોધરી ભાષામાં)

જ ભીલનાં બાળકો કેટલીક બાબતોમાં ઘણાં જ હોશિયાર અને ચપળ હોય છે. નાળિયેરી જેવાં ઝાડો પર ચડવામાં, તીરથી તાકવામાં, દોડવામાં, તરવામાં, હાથ ઉપર ચાલવામાં, નૃત્ય કરવામાં વગેરે. તેઓ ગમે તેવાં તોફાની ઢોરને વશ કરી શકે છે. તેઓ વગડાનાં પક્ષીઓ વિષે બહોળું જ્ઞાન ધરાવે છે. તેમને નાનપણથી સીમ વગડામાં ફરવાનો વિશાળ અનુભવ મળે છે તેનું જ એ પરિણામ છે. સર્વ વિદ્યાર્થીઓને એ કીમતી અનુભવ મળવો જોઈએ.

પાઠ ૩૩ મો : નવસારી

નાની સરખી નવસારી, પણ બહુ સારી, બહુ સારી!

નવસારીની આજુબાજુની સીમમાં જ્યાં જુઓ ત્યાં આંબાની અમરાઈઓ આવી રહી છે. ફણસીઓ ઉપર મોટાં મણ મણનાં ફણસ લટકતાં હોય છે. શેરડી તો નવસારીની આજુબાજુની જ. નવસારી તો જાણે બધા ફળઝાડનું પિયર.

રૂ પણ નવસારીનું જ. કેવું ઊજળું! કેવું મુલાયમ! તેના રેસા કેવા લાંબા અને ચીકાશદાર. નવસારીના રૂની પૂણી કાંતવામાં શિખંડ પૂરી ખાવા કરતાંયે વધારે મજા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવસારીમાં બીજી વસ્તી છે, પણ ખાસ વસ્તી પારસીઓની છે. પારસીઓના મહોલ્લાઓ અને પારસીઓની પોળો અને પારસીઓના બંગલાઓ અને પારસીઓની નિશાળો અને પારસીઓની ઇસ્પિતાલો અને પારસીઓની અગિયારીઓ. હિંદના દાદા દાદાભાઈ નવરોજજીની જન્મભૂમિ હોવાનું માન નવસારીને જ છે.

ભરૂચ જેમ નર્મદાના મુખ પર, સુરત જેમ તાપીના મુખ પર, તેમ નવસારી પૂર્ણાના મુખ પર વસેલી છે. દરિયાનો જુવાળ ચડે ત્યારે દરિયાનાં ખારાં પાણીથી નદી ભરાઈ જાય, અને ઓટ થાય એટલે પાણી ઓસરી જાય ને નદી ખાલીખમ થઈ જાય. એટલે નવસારીના લોકોને નદીતટે હોવા છતાં નદીનું કાંઈ સુખ નહિ — નહિ પીવાના પાણીનું સુખ, નહિ નાહવા ધોવાનું સુખ, નહિ હરવા ફરવાનું સુખ. પણ વહાણવટીઓને મોટી સગવડ છે. ભરતી વખતે વહાણો અને મછવાઓ આવી જઈ શકે છે, એટલે દરિયા-રસ્તે થોડો થોડો વેપાર રોજગાર ચાલી શકે છે.

નવસારીનાં વખાણ લખતી વખતે નવસારીના દૂધિયા તળાવને કેમ ભુલાય? મોટું જબરું તળાવ છે અને તેની વચમાં સુંદર ટેકરી છે. એ તળાવનું પાણી ત્યાંની ધોળી માટીને કારણે ધોળા રંગનું દેખાય છે. ગામના લોકો જો પાણીને સ્વચ્છ રાખે અને તળાવને શીચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાના સ્થાન તરીકે ન વાપરે, તો દૂધિયું તળાવ નવસારીની સાચી શોભારૂપ બને.

નવસારીની સુંદરતા એક વાતથી બહુ બગડે છે. શહેરમાં ઠેર ઠેર દારૂતાડીનાં પીઠાં બહુ છે. ત્યાં સાંજને વખતે ગરીબ લોકો બેહાલ થઈને આળોટતાં હોય છે. બીજાં શહેરોમાંયે પીઠાં હોય છે. પણ નવસારીમાં તો હદ આવી ગઈ છે. નવસારીની આજુબાજુ ખજૂરીઓ અને તાડનાં ઝુંડો આવેલાં છે. તે વૃક્ષો આંખને રળિયામણાં લાગવાં જોઈએ, છતાં આજે એ આપણને અળખામણાં લાગે છે.

¶ અગિયારી : પારસીઓનું અગ્નિમંદિર. પારસીઓ અગ્નિના ઉપાસક છે.

¶ હિંદુસ્તાનમાં અનેક જાતનાં રૂ થાય છે તેમાં નવસારીનું રૂ શ્રેષ્ઠ ગણાય છે. નવસારી-વલસાડ વચ્ચેના પ્રદેશનો ગોળ ગુજરાતમાં ઉત્તમ ગણાય છે.

¶ વિદ્યાર્થીઓને મદ્યપાન નિષેધનાં બે ચાર ગીતો શીખવો.

¶ હિંદના દાદાનું ચિત્ર બાળકોને દેખાડો અને તેમનો ટૂંકો પરિચય આપો.

પાઠ ૩૪ મો : હજરત પેગંબર

એક ગરીબ અરબ હતો. તેની પાસે કોઈએ પેગંબર સાહેબની દાનાઈનાં વખાણ કર્યાં.

'મારા જેવા ગરીબને તેઓ મળશે ?'

લોકોએ કહ્યું, 'એમના જેવો મોટા દિલનો આદમી કોણ છે ? તે જરૂર તને મળશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અરબ ડરતો ડરતો પેગંબર સાહેબને ઘેર ગયો.

નબી સાહેબે તેને ખૂબ જ હેતથી આવકાર આપ્યો. તેને પોતાની સાથે બેસાડીને જમાડ્યો. હેત કરી કરી જમાડ્યો. રાત્રે બિછાનું પાથરી આપી સુવાડ્યો.

ગરીબ અરબે પેટ ફાટે તેટલું ખાધું. ઘરનાં માણસો માટે પણ રહેવા દીધું નહિ. બહુ દિવસના ભૂખ્યાને કશો વિવેક રહ્યો નહિ.

હવે રાતમાં તેની બહુ ભૂંડી દશા થઈ. તે બિચારાને પેટમાં ચૂંક આવી. તેને ઝાડા થઈ ગયા. તેનો લેંઘો બગડ્યો. બિછાનું ખરાબ થયું. ઘર બગડ્યું.

બિચારો અરબ બહુ જ શરમાયો. તે મરવા જેવો થઈ ગયો.

'હાય હાય ! આ શું થઈ ગયું ? હું કેવો નાલાયક ! હું કેવો પાપી ! મોટા પુરુષે મને માન આપ્યું તો મેં તેમનું ઘર નાપાક કર્યું. હું હવે શું મોઢું બતાવીશ ?'

હજુ રાત હતી, હજુ અંધારું હતું. તે છાનો-માનો ઊઠીને નાસી ગયો.

ચાલતાં ચાલતાં તેને યાદ આવ્યું. 'અરે, મારી તલવાર ?'

બિછાના પાસે તે તલવાર ભૂલી આવ્યો હતો. તેણે વિચાર્યું, 'હજુ રાત બાકી છે. મહંમદ સાહેબ જાગે તે પહેલાં તલવાર લઈને નાસી આવીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરબ પાછો આવ્યો, પણ ત્યાં તેણે શું જોયું?

પેગંબર સાહેબ સૂતા નહોતા, પણ જાગીને કંઈક કામ કરતા હતા. તેઓ સાહેબ કપડાં ધોતા હતા.

'યા ખુદા! યા ખુદા! આ તો મારાં પોતાનાં કપડાં! પેગંબર સાહેબ પોતાને હાથે મારાં ખરડાયેલાં કપડાં ધુએ છે!'

મહંમદ સાહેબ તેને આવતો જોઈ હસીને બોલ્યા, 'ભાઈ, તમે તલવાર ભૂલી ગયા હતા ને? લો આ તમારી તલવાર.'

અરબ શો જવાબ આપે? તેની જીભ જ ઊપડી નહિ. તે દોડીને પેગંબર સાહેબના ચરણમાં પડ્યો.

'હજરત, મને માફ કરો. હું ઘણો જ નાલાયક છું, હું પાપી છું, મને માફ કરો.'

પેગંબર બોલ્યા, 'હોય ભાઈ, શરીર છે. એમાં શરમાવાનું શું છે? એમાં પાપ શું છે?'

¶ હજરત એટલે મહાત્મા.

¶ પેગંબર સાહેબને નબીસાહેબ પણ કહે છે.

¶ ધાર્મિક મુસલમાનો જ્યારે જ્યારે પેગંબર સાહેબનું નામ બોલે છે ત્યારે 'ખુદાની તેમના ઉપર રહેમ હો'. એવી પ્રાર્થના અચૂક કરે છે.

¶ હજરત મહંમદ એવા ભક્તિપરાયણ અને ધર્મનિષ્ઠ હતા કે તેઓ સદા અંતરનો અવાજ સાંભળતા, અને તે જોરદાર તેજસ્વી વાણીમાં લોકોને સંભળાવતા. તેમના એ ઈશ્વરી સંદેશનો ગ્રંથ કુરાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૫ મો : સૂર્યોદય



એક પૂરવનું બારણું ઊઘડયું છે,
ત્યાંથી સોનાનું માટલું નીકળ્યું છે.
માંહી કંકુ ને કેસર કાલવ્યું છે,
એ તો આગના પાણીમાં મેળવ્યું છે.
ત્યાંથી ટીપે ટીપે તેજ ટપકે છે,
આઉ આભની ગાયનું છલકે છે.
પીળું તેજનું દૂધ તો વરસે છે,
દૂધ પીવા એ દુનિયાં તલસે છે.
પેલા ડુંગરડા દૂધ એ પીએ છે,
પીએ, ઢોળે, ઢોળાવોને ધુએ છે.
ઝાડ ઝાડે એ પાંદડે ચળકે છે,
મોભ, માળે ને નેવલે અડકે છે.
આખી ધરતી એ દૂધમાં ડૂબે છે,
ઘેરો સાગર તેજે ઝબૂકે છે.
એક પૂરવનું બારણું ઉઘડયું છે,
ત્યાંથી સૂરજનું માટલું નીકળ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ એમાં તે કેટલું માયું છે!
આભ ધરતી ને દરિયે છવાયું છે.

પ્ર૦

¶ સૂર્ય વિષે નીચેની હકીકતો શીખવો:

૧. સૂર્યના કિરણમાં ૭ રંગો હોય છે. વાદળાંમાં, પાણીની ફરફરમાં અથવા હીરામાં થઈને કિરણ પસાર થાય ત્યારે તે રંગો છૂટા પડીને દેખાય છે. તે ઉપરથી કથામાં સૂર્યના રથને ૭ ઘોડા હોવાનું આવે છે.

૨. સવારે અને સાંજે સૂર્ય મોટા અને ઓછા ગરમ કેમ હોય છે? કારણ કે એનાં કિરણો ત્રાંસાં પડે છે.

¶ પડછાયા વિષે સમજ પાડો. તે સવારે, બપોરે, સાંજે કઈ કઈ દિશામાં પડે છે? તે લાંબા ક્યારે પડે છે? ટૂંકા ક્યારે?

પાઠ ૩૬ મો: તેને યાદ કરું

તેને યાદ કરું, તેને નમન કરું,
રોજ સવારે પ્રથમ ઊઠીને
તેનાં ભજન કરું.

જે........ણે
માના સ્તનમાં ધાવણ મૂક્યાં,
ગૌના આંચળમાં દૂધ મૂક્યાં,
ફૂલમાં મધ મૂક્યાં,
તે........ને, તેને૦

જે........ણે
સુરજની સગડી સળગાવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદરની દીવડી પ્રગટાવી,
વીજળી ચમકાવી,
તે........ને, તેને૦

જે........ણે
અન્ન મહીં અમૃત કસ આપ્યો,
પાણીમાં મીઠડો રસ આપ્યો,
ફળમાં ગર આપ્યો,
તે........ને, તેને૦

જે........ણે
અંગારા પૂર્યા ઈંધણમાં,
ભડકા ઘાસ અને તરણામાં,
તણખા ચકમકમાં,
તે........ને, તેને૦

જે........ણે
તલમાં તેલ છુપાવી રાખ્યાં,
સૂતર તાર રૂમાં રાખ્યા,
ટેટે વડ રાખ્યા,
તે........ને, તેને૦

પ્ર૦

¶ પરમેશ્વરની અદ્ભુત કરણીનાં આવાં બીજાં અનેક દૃષ્ટાંતો વિદ્યાર્થીઓ શોધી શકશે.

¶ 'રચા પ્રભુ તૂને યહ બ્રહ્માંડ સારા' એ ભજન વિદ્યાર્થીઓને શીખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૭ મો : આપણો દોસ્ત કૂતરો



કૂતરો આપણો દોસ્ત છે. તેને માણસ વિના ગમતું નથી, અને માણસને તેના વિના ગમતું નથી. તેને ભગવાને વાચા આપી નથી, પણ જ્યારે તે પૂંછડી પટપટાવતો આપણી સામે જુએ છે, ત્યારે તેની આંખો કેવી દીસે છે? જાણે તે આપણી સાથે વાત કરતો હોય એવી શું તે નથી લાગતી?

કૂતરો દિવસે આપણી શેરીની શોભા વધારે છે અને રાત્રે ચોકી કરે છે. તે ઓળખીતાંને આવકાર આપે છે. પણ અજાણ્યાંને ભસે છે.

કૂતરો જડ પથરાની જેમ ઊંઘતો નથી. તેની ઊંઘ ઘણી જ ચકોર હોય છે. જરા સંચાર થાય કે તે ચમકીને જાગી જાય છે. તેથી એના જેવી ઊંઘને શ્વાનનિદ્રા કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ફરવા નીકળીએ ત્યારે આપણા દોસ્ત કૂતરાને આપણી સાથે આવવું બહુ ગમે છે.

કૂતરાને પાળીએ તો તેને ભૂખ્યો ન રાખવો, ગંદો ન રાખવો, તેને તિરસ્કારથી હડે હડે ન કરવો. આપણો દોસ્ત મેલો, ઘેલો, દૂબળો, કદરૂપો અને અળખામણો હોય, તે શું આપણી મોટી શરમ નથી?

¶ શેરીનાં નધણિયાતાં કૂતરાંની સ્થિતિ ઉપર વિદ્યાર્થીઓને વિચાર કરવા કહો. તેઓ શાથી એવાં થઈ ગયાં? કૂતરાંને સારી રીતે પાળવામાં આવે છે તો તે ઉમદા ગુણોવાળું પ્રાણી બની જાય છે.

¶ ધર્મરાજાના કૂતરાની વાર્તા કહો. જો પોતાના કૂતરાને સ્વર્ગમાં પેસવાની મનાઈ હોય તો તેવા સ્વર્ગમાં જવાનો તેમણે ઇનકાર કર્યો હતો

પાઠ ૩૮ મો : આપણી માનીતી બિલ્લી

કૂતરો આપણો માનીતો દોસ્ત છે. પણ બિલ્લી તો આપણું રમકડું છે. તે તો આપણા ખોળામાં અને પથારીમાં પણ બેસી જાય. કૂતરાને આપણે આંગણામાં જ રહેવા દઈએ, પણ બિલ્લીબાઈને તો આખા ઘરમાં ક્યાંય જવાની મનાઈ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનાઈ કરવા જઈએ તોપણ આપણું શું વળે ? નાનામાં નાનું જાળિયું હોય તેમાંથી પણ બિલ્લીબાઈ દાખલ થઈ જવાનાં. એનું શરીર તો જાણે રબરનું બનેલું છે. તેને ફાવે તેટલું મરડે, ફાવે તેટલું ફેલાવે, ફાવે તેટલું સંકોરે.

બિલ્લી બહુ જ હોશિયાર શિકારી છે. ઉંદર કે ખિસકોલી નીકળે ત્યારે તે કેવી ચાલાકીથી કામ લે છે! નહોર અંદર ખેંચી તે પોતાનાં પગલાં રૂની ગાદી જેવાં કરી નાંખે છે. પછી ધીમે ધીમે લાગ જોઈ તરાપ મારે છે.

બિલાડી ગમે તેવી અઘરી જગાએ ચડી જાય છે. ચડવાનો સારામાં સારો રસ્તો તે હોશિયારીથી શોધી કાઢે છે. પહેલાં ચારે તરફ ડોકી ફેરવી તે અવલોકન કરે છે. છેવટે જે રસ્તો તે ઠરાવશે તેમાં મોટા ઇજનેરો પણ ભૂલ બતાવી શકશે નહિ.

આવી હોશિયારીને લીધે બિલ્લી બનતાં સુધી દૂધની ધાપ માર્યા વિના રહેતી નથી. બિલ્લીની એવી ટેક છે કે ગાય કદી પાળવી નહિ, છતાં દૂધ વિના એક દિવસ રહેવું નહિ.

પોતાનાં બચોળિયાંને બિલ્લી માતા નાનપણથી આ બધી વિદ્યા શીખવે છે.

બિલ્લી જરા નવરી પડે કે પોતાનું શરીર ચાટવા લાગે છે. તેને ચોખ્ખાઈની બહુ જ ચીવટ હોય છે. આ રીતે ચાટીને તે હમેશાં પોતાની ચામડી સ્વચ્છ રાખે છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આપણને વહાલી લાગે છે તેનું એક કારણ તેની ચોખ્ખાઈ છે.

¶ બિલાડી વાઘને મળતી હોવાથી તેને વાઘની માસી કહેવામાં આવે છે.

¶ બિલાડીની આંખની કીકી અજવાળામાં નાની થાય છે, અને અંધારામાં મોટી થાય છે. તેથી રાત્રે તારાનો ઝાંખો પ્રકાશ પણ તેને, જોવા માટે પૂરતો થઈ પડે છે.

¶ બિલ્લીને કોટે ઘંટ બાંધવાની વાર્તા વિદ્યાર્થીઓને કહો. ઉંદરોની સભાએ ઠરાવ કર્યો કે, બિલ્લી આવવાની ખબર પડે તે માટે તેની કોટે ઘંટ બાંધવો. પણ તે બાંધે કોણ? એવામાં બિલાડી આવી કે તરત આખી સભા દડબડ કરતી નાસી ગઈ!

પાઠ ૩૯ મો : હોઉં જો હું કોદાળો

હોઉં જો હું કોદાળો તો
રાતદિવસ માટી ખોદું, વાવ, તળાવ, કૂવા ખોદું;
તરસે તરફડતાને માટે ઠેર ઠેર વીરડા ખોદું.
હોઉં જો હું કુહાડો તો
રાતદિવસ જંગલ કાપું, ઝાડ અને ઝાડી કાપું;
ટાઢે થરથરતાને માટે તાપણનાં ઈંધણ કાપું.
હોઉં જો હું હળકરબી તો
રાતદિવસ ખેતર ખેડું, પડતર, વાવેતર ખેડું;
ભૂખે ટળવળતા જન માટે પથ્થરનાં પડ પણ ખેડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હોઉં જો હું દાતરડું તો
રાતદિવસ ખડને કાપું, બીડ અને શેઢા કાપું;
ગરીબ ગુણિયલ ગાયો માટે ગોચર જઈ ચારા કાપું.

હોઉં જો હું સાવરણી તો
રાતદિવસ ગંદું વાળું, કચરો વાસીદું વાળું;
બાળાં, બુઢ્ઢાં, માંદાં કેરાં પ્રેમે મળ મેલાં વાળું.

હોઉં જો હું રેંટુડો તો
રાતદિવસ ઘૂમ્યાં જ કરું, આળસ પળનીયે ન કરું;
જગમાં જ્યાં લગી દુઃખ છે ત્યાં લગી
ઘડીય ના આરામ કરું.

ગ્ર૦

¶ આનું નાટક ભજવી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૦ મો : દ દ દ

ત્રણ હતા મિત્રો. એક દેવ, બીજો માણસ, ત્રીજો અસુર.

તેઓ ગુરુ પાસે જ્ઞાન લેવા ગયા.

ત્રણે મિત્રો ઘણાં વરસ સુધી ગુરુ પાસે રહ્યા. તેમણે તન મનથી ગુરુની સેવા કરી.

પછી સૌથી પહેલો દેવ ગુરુ પાસે આવ્યો. ગુરુના પગમાં પડી તેણે પ્રાર્થના કરી:

'ગુરુદેવ, મને જ્ઞાન દો.'

'દ.' ગુરુ આવો એક જ અક્ષર બોલ્યા.

ગુરુ—બેટા, શું સમજ્યો તે કહે.

દેવ—હાજી કહું. 'મનને દાબમાં રાખ.' એવો આપે મને ઉપદેશ આપ્યો.

ગુરુ—તું બરાબર સમજ્યો.

દેવની પછી માણસ ગુરુ પાસે આવ્યો

ગુરુના પગમાં પડી તેણે પ્રાર્થના કરી:

'ગુરુદેવ, જ્ઞાન દો.'

'દ.' ગુરુ તેની પાસે પણ આ એક જ અક્ષર બોલ્યા.

ગુરુ—બેટા, શું સમજ્યો ? કહે.

માણસ—'દાન કર' એવો ઉપદેશ આપે મને આપ્યો.

ગુરુ—સાચું સમજ્યો.

માણસ પછી અસુર ગુરુ પાસે આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુના પગમાં પડી તેણે પ્રાર્થના કરી:

'ગુરુદેવ, જ્ઞાન દો.'

'દ.' ગુરુએ તેને પણ એક જ અક્ષર કહ્યો.

ગુરુ—બોલ બેટા, શું સમજ્યો?

અસુર—હાજી કહું. 'દયા કરવી' એવો ઉપદેશ આપે કર્યો.

ગુરુ—ખરું સમજ્યો.

એ રીતે વિદ્યા શીખી ત્રણે મિત્રો પોતપોતાને ઘેર ગયા.

દૂધમલ બાળકો કાલી કાલી ભાષામાં દ દ દ એમ બોલે છે ને? એમનાં મુખથી ભગવાન આપણને આજ્ઞા કરે છે:

દયા કરો.

દાન કરો.

મનને દાબમાં રાખો.

જેને કાન હોય તે, પેલા ત્રણ મિત્રોની જેમ, આ ભગવાનની આજ્ઞા સમજી જાય છે. બીજાને માટે એ બાળકની ઠાલી લવરી છે.

ગ જે સ્વભાવે ક્રૂર હતો તેણે દ નો અર્થ 'ક્રૂરતા ન કરવી, દયા કરવી' એવો કર્યો.

જે સ્વભાવે લોભિયો હતો તેણે 'લોભ ન કરવો, પણ દાન કરવું' એવો અર્થ કર્યો.

જે સ્વભાવે ભોગવિલાસી હતો તેણે 'મોજશોખ ન કરવો, પણ ઇન્દ્રિયોનું દમન કરવું—સંયમ કરવો' એવો અર્થ કર્યો.

¶ આ કથા બૃહદારણ્યક ઉપનિષદમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૧ મો : એક સુંદર રચના

એક સુંદર રચના કરું કરું એમ થાયે;
કંઈ અંદર ગંમત ભરું ભરું એમ થાયે.
એક નદી વહાવું ભરી ડોલ પાણીની;
ને તે પર હોડી ધરું ધરું એમ થાયે.
એક સુંદર પાવી કરું લાકડી કોરી;
મહીં બહુ બહુ ગાયન ભરું ભરું એમ થાયે.
એક વાત બનાવું ચકલા ને ચકલીની;
ને સહુને આતુર કરું કરું એમ થાયે.
એક બાગ બનાવું મનમાન્યાં ફૂલોનો;
મહીં ક્યારે ક્યારે ફરું ફરું એમ થાયે.
એક ઠામ બનાવું બારીબારણાંવાળું;
મહીં સુખે ભરાઈ ઠરું ઠરું એમ થાયે.
પણ
ચણું ચણું ને અડધે મારું
બધું કહ્યાસર જાયે;
પણ ત્યાં આગળથી પાછું શાને
પડું પડું એમ થાયે ?

પ્રીતમલાલ મજમુદાર

¶ બાળકોના હાથમાં વાંસ અને ચપ્પુ મૂકવામાં આવે તો તેમને શી શી સુંદર રચનાઓ કરવાનું મન થાય ? તેમના હાથમાં માટીનો પિંડો મૂકવામાં આવે તો ? રૂ ને તકલી મૂકવામાં આવે તો ? તુંબડું અને તાર મૂકવામાં આવે તો ? ચૂલો અને લોટ મૂકવામાં આવે તો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૨ મો : કપાસના સૂરજ



આજે વર્ગનાં બધાં બાળકો બહુ જ હરખમાં દેખાય છે, આજે તેઓ કપાસના સૂરજ કરવાનાં છે. તેઓ અંદર અંદર આનંદથી વાતો કરે છે :

'આજે બહુ મજા આવશે.'

'આજે ઘણો રસ જામશે.'

આજે જુદી જ રીતે કામ ચાલવાનું છે.

શિક્ષિકા આવી પહોંચ્યાં છે. વર્ગ વચ્ચે કપાસનો ટોપલો મૂક્યો છે. વર્ગમાં પાંચ ત્રાજૂડીઓ પણ રાખેલી છે.

શિક્ષિકા સૂચના આપે છે, અને તે પ્રમાણે પોતે કરી પણ બતાવે છે. આખો વર્ગ તે પ્રમાણે કરે છે. બધાંનાં મન કામમાં જ છે. કોઈ વાત કરતું નથી. કોઈ ઘોંઘાટ કરતું નથી.

શિક્ષિકાએ સૂચના આપી :

'ત્રણ ત્રણ તોલા કપાસ જોખી લો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો ટોપલામાંથી કપાસ લઈ ત્રાજૂડીઓ પર જઈ જોખી લે છે. પાંચ ત્રાજૂડી પાસે પાંચ હારો ગોઠવાઈ ગઈ છે. આખો વર્ગ કામ કરે છે, પણ ગડબડ નથી, પડાપડી નથી. વારો આવે તેમ જોખીને સૌ પોતપોતાની જગ્યાએ બેસી જાય છે.

બીજી સૂચના: 'કપાસ સાફ કરો.'

બાળકો કીટી કસ્તર વીણી કાઢે છે.

પાછી સૂચના થઈ: 'કપાસિયાના રેસા સીધા કરો.'

બાળકો એક એક દાણો લઈ હળવી આંગળીથી રેસા સીધા કરે છે. તેનો દેખાવ જોઈ બાળકો બહુ જ રાજી થાય છે.

એક બાળા કહે છે, 'આ તો જાણે સો પગવાળો કરોળિયો.'

બીજો બાળક કહે છે, 'આ તો સૂરજ અને તેનાં કિરણો.'

એક છોકરી કહે છે, 'આ તો ડોશીમા અને તેનો ચોટલો.'

શિક્ષિકા નવી સૂચના કરે છે. અને બાળકો શાંત થઈ જાય છે.

'રેસા છૂટા પાડો.'

બાળકો એક એક કપાસિયો લઈ તેના રેસા ઉખાડી લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચના : '૩ અને કપાસિયા જોખો અને નોંધી લો.'

પાંચ ત્રાજૂડીઓ પાસે પાંચ હારો ગોઠવાઈ જાય છે. જોખી જોખીને દરેક જણ પોતાની જગ્યાએ જાય છે, અને વજનો નોંધી લે છે.

¶ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ઇંચ–દોરાનાં માપવાળા કાળા પાટિયા ઉપર કપાસના નમૂના ચોડવાથી બાળકોને રેસાની લંબાઈનો ખ્યાલ આવશે.

આવા ઉદ્યોગોમાં જોખવાનાં ત્રાજવાં જેવાં સાધનો પૂરતા પ્રમાણમાં હોવાં જરૂરી છે.

રેસાની લંબાઈ ઉપરાંત કુમાશ અને મજબૂતીમાં પણ જુદા જુદા કપાસમાં ફેર પડે છે.

¶ કપાસનાં બી અને રૂના વજનનું પ્રમાણ મોટે ભાગે ૨ અને ૧નું હોય છે, જોકે જાત પ્રમાણે તેમાં થોડોવધારે ફેર પડે છે.

પાઠ ૪૩ મો : હવાનો બરફ

શિક્ષિકા—'નવી સૂચના—રૂને તૂનો.'

બાળકો થોડું થોડું રૂ ચપટીમાં લે છે, અને બે હાથની ચપટીઓ વતી તૂનવા લાગે છે. બધાં ગૂંચળાં ઉકલી જાય અને રેસાઓ એક હારમાં સીધા ગોઠવાઈ જાય એટલે તે પોતાની ટોપલીમાં મૂકી દે છે. તૂનવાનું કામ ઠીક ઠીક લાંબું ચાલે છે.

સંગીત ચાલે છે અને રૂ તુનાતું જાય છે.

કોઈ કોઈ બાળકો તૂની રહ્યાં છે. તેઓ પાછળ પડેલાંને મદદ કરવા લાગે છે.

બધાનું તુનાઈ રહ્યું એટલે શિક્ષિકાએ સૂચના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપીઃ 'હવે પોતપોતાની કામઠીઓ લઈ પીંજો અને પૂણી બનાવો.'

દરેક બાળક પોતાની સુંદર નાનકડી કામઠી લાવે છે. નાની સરખી સાદડી ઉપર રૂ મૂકે છે. બારીબારણાં બંધ થાય છે. ચપટીથી રૂ પીંજે છે. થોડી દોરીઓ વાગે છે ત્યાં તૂનેલું રૂ પીંજાઈને સુંદર પોલ તૈયાર થાય છે. બાળકો તો જુએ છે અને રાજી રાજી થાય છે. કવિઓ ઝળકી ઊઠે છે અને ઉપમાઓ આપે છેઃ

'આ તે રૂ કે આછું આછું વાદળું ?'

'આ રૂ નથી, આ તો કાચ છે. જુઓ તળેના કાગળ પરના અક્ષરો વાંચી શકાય છે.'

એક બાળાને તેની નાની સરખી વાછરડી યાદ આવી. 'મારી વાછરડીના મોંમાંથી ધાવતાં ધાવતાં દૂધનું ફીણ ઊડયું છે. આ કંઈ રૂનો પોલ નથી.'

'પાણી જામીને બરફ થઈ જાય તેમ આ તો હવા જામીને તેનો બરફ બન્યો છે.'

પછી બાળકો પોલની પૂણી બનાવી લે છે. તેઓ કેવાં નાજુકાઈથી તેને ઉપાડે છે.

એક નાનકડી બાળા કહે છે, 'આ પોલને અડતાં મારો તો જીવ જ ચાલતો નથી.'

બીજો બાળક કહે છે, 'ફૂલને ઉપાડતાં હાથ ન ઊપડે તેમ આને ઉપાડતાં હાથ ચાલતો નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી એક બહેન કહે છે, 'મારે હવાની આંગળી હોત તો બહુ સારું થાત.'

એમ ગમ્મત કરતાં બાળકોએ સુંદર નાની નમણી પૂણીઓ વાળી.

શિક્ષિકા — શાબાશ, મારાં વહાલાં બાળકો! શાબાશ! હવે જરા બાગમાં ફરવા જવું છે ને?

બાળકો લાંબો વખત બેઠાં હતાં, તેથી આ સૂચનાથી તેઓ ખૂબ ખુશ થયાં.

'હા જી, જરા ફરી આવીશું, અને અમારા ક્યારાઓમાં થોડી ઝારીઓ પાણી પણ રેડી આવીશું.'

¶ પીંજવું એટલે શું તે સમજાવવા બાળકોને સૂક્ષ્મદર્શક કાચમાં રૂનો રેસો બતાવો. તે લાંબી પોલી નળી છે, સુકાવાથી તે ચપટો થઈ તેનાં ગૂંચળાં વળી જાય છે. તે વળ ઉખાળી રેસા સીધા સમાન્તર કરવા એટલે પીંજવું.

¶ કાંતવા પીંજવા જેવા બેઠાબેઠના અને ઘરમાં રહીને કરવાના ઉદ્યોગો લાંબી વાર કરવાના હોય ત્યારે તેની પાછળ બાગકામ જેવા ખુલ્લામાં અને હરીફરીને કરવાના ઉદ્યોગો ઘણા આનંદજનક થઈ પડશે.

પાઠ ૪૪ મો : ખાદી ગીત

આમ જા કાંઠલા, તેમ જા કાંઠલા,
નાચતો કૂદતો વણતો જા;
બાળમંદિરનાં બાળક આવ્યાં,
ખાદીની વાતો ભણતો જા.
આમ જા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂતે ઊઠી, હળ તો જૂતી,
  બળથી કળથી ખેડી ભોં;
ચોખ્ખી કીધી, ચણાક કીધી,
  આરસીમાં જેમ દેખાય મોં. આમ જા૦

જોઈ તપાસી, વીણી વીણી,
  ઓર્યાં ખાસ્સાં પાકાં બી;
ઓર્યાં ત્યાં તો વરસ્યો મેવલો,
  ધરતી કેવી મધમધી. આમ જા૦

બીના ફૂટ્યા ઝીણા કોંટા,
  હરી હરી અંકાઈ હાર;
લીલા લીલા છોડ વધ્યા ને
  ફૂલની માંહે પીળી છાંટ આમ જા૦

ફૂલડાં ખર્યાં, જીંડવાં ચડયાં,
  ઉપર કરડો તપ્યો તાપ;
હજાર મોઢે હસવા લાગ્યાં
  ખેતર કેવાં આપોઆપ ! આમ જા૦

ફાંટો વાળી, ખેતરે ચાલી,
  બાલમંદિરની બાલસેના;
ઝાકળે ઝાકળે દોહ્યો કપાસ,
  કીટી કસ્તર લાગે ના. આમ જા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલમંદિરમાં આવ્યો કપાસ,
　　ઝૂડી પીલી કાઢયું રૂ;
તૂની તૂની પોલ બનાવ્યો,
　　આભનું ગાભલું પાથર્યું શું ! 　　આમ જા૦

પોલની સારી પૂણી વાળી,
　　સરખાં માપ ને સરખાં તોલ;
તકલી ઉપર કાંત્યું સૂતર,
　　પાકું સારું સરખું ગોળ. 　　આમ જા૦

પછી મોટલાં બાંધ્યાં પોટલાં;
　　વણકર, આંટીઓ ગણી લે,
બાલમંદિરનાં બાળકો સારુ,
　　સુંદર ખાદી વણી દે. 　　આમ જા૦

વણકર-રાણી પૂરે તાણી,
　　સાળે બેઠા વણકર-રાજ;
નાનાં છોકરાં ભરે કોકડાં,
　　ગાતાં જાય ને કરતાં કાજ. 　　આમ જા૦

જુગતરામ દવે

¶ **ગીતની પ્રસ્તાવના:** બાળમંદિરનાં બાળકો વણકરવાસે ખાદી કેમ થાય છે તે જોવા ગયાં છે. વણકર ખાદીગીત ગાય છે અને છોકરાંઓ ઝીલે છે.

¶ હરી હરી=લીલી લીલી; મોટલાં=મોટાં.

¶ આ જ રીતે ઘર કેવી રીતે થયું તે કડિયા પાસે, ઘી કેવી રીતે થયું તે ભરવાડ પાસે, માટલું કેમ થયું તે કુંભાર પાસે કહેવડાવી શકો.

¶ વણકરનાં ઓજારો વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ બતાવો: સાળ. હાથો, ફણી, રાચ, પાવડી વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૫ મો : જુવાર-બાજરી

સ્વરાજ્યની લડતમાં અમે જેલ ગયા. અમારી જેલમાં બુધવારે અને રવિવારે બાજરીના રોટલા મળતા. બાકીના દિવસે જુવારના. અમે રહ્યા ચરોતરના. અમને બાજરીના રોટલા ભાવે, જુવારના ન ભાવે. પણ અમારી જોડે સુરત જિલ્લાના ભાઈઓ હતા. તેમને જુવાર ગમે, બાજરી ન ગમે. અમે કહીએ, 'અમને જુવાર વાયડી પડે છે.' તેઓ કહે, 'અમને બાજરી ગરમ પડે છે.'

જેલનો દાક્તર અંગ્રેજ હતો. તે પૂછે, 'આ વાયડું પડવું અને ગરમ પડવું એટલે શું ?'

અમે કહીએ, 'જુવાર અમને બરાબર પચતી નથી. તેનાથી પેટમાં વાયુ થાય છે તથા ચૂંક આવે છે.'

સુરતના કેદીઓ કહે, 'અમને બાજરીથી તરસ બહુ લાગે છે. પાણી પીએ તોયે પેટમાં બળતરા થાય છે. અમને મરડો થવાની બીક લાગે છે.'

દાક્તર કહે, 'બન્નેની ટેવ પાડો. ટેવ પડશે એટલે બન્ને માફક આવશે.'

આપણા દેશમાં લગભગ બધે જુવાર કે બાજરી પાકે છે. જ્યાં વરસાદ સારો પડતો હોય અને જમીન લાંબો વખત ભીની રહેતી હોય, ત્યાં જુવાર સારી પાકે છે. બાજરીને ઓછો વરસાદ અને સૂકી જમીન ચાલે છે. આપણા દેશ સિવાય બીજે જુવાર-બાજરી ભાગ્યે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખવાય છે. તેથી એ અનાજ આપણી પાસેથી કોઈ લઈ જતું નથી. વળી જુવાર-બાજરીમાં થોડો ચીકાશવાળો પદાર્થ હોય છે. તેને લીધે જુવાર-બાજરી, ઘી તેલ વિનાયે ખાઈ શકાય છે. ઘઉં ચોખા સાથે ઘી તેલની જરૂર ખરી. આથી જુવાર-બાજરીનો ખોરાક આપણે માટે સસ્તો અને અનુકૂળ છે.

તમને જુવાર ભાવે કે બાજરી? જુવાર ન ભાવતી હોય, તેનેય જુવારનો પોંક કે ધાણી ભાવે કે નહિ? જુવારમાં વધારે મીઠાશ છે કે બાજરીમાં, તે બેઉનો પોંક કે ધાણી ખાઈએ ત્યારે ખબર પડે છે.

સાચી વાત એ છે કે, જુવારમાં મીઠાશ વધારે છે, પણ એના રોટલા ચીવડ બની જાય છે, અને તેથી તે ચાવતાં વધારે મહેનત પડે છે. આથી, જે ઓછું ચાવે છે તેને એની મીઠાશ ઓછી લાગે છે. વળી, ઓછું ચાવનાર જરૂર કરતાં વધારે ખાઈ નાંખે છે. માટે તેને ચૂંક આવી પેટમાં દુખે છે. જુવારના લોટને પાણીમાં બાફી રોટલી કરી હોય તો ઘઉંની રોટલી જેવી જ થાય છે.

છતાં, જેને જેની ટેવ પડી હોય તેને તે જ માફક આવે છે અને પસંદ પડે છે. બાજરીની ટેવવાળાને રોટલા સાથે દૂધ, છાશ કે ઘી ગોળ મળે ત્યારે બહુ આનંદ થાય છે.

---

૧ બીજાં રોજનાં ઉપયોગી અનાજોના ગુણદોષ વિદ્યાર્થીઓને કહો: મકાઈ અને ઘઉં પૌષ્ટિક ધાન્યો છે. ચોખા વધારે ખાવાથી પેટ મોટું થાય છે. કઠોળ બહુ ઓછા પ્રમાણમાં જ પચી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

¶ કાચાં અનાજોમાંથી પોંઆ અને પોંક જેવાં ચવાણાં થાય છે. તેમ જ અનાજને પલાળીને ફોડવાથી તેના મમરા અને ધાણી બને છે.

¶ સ્વરાજ માટે જેલ ગયેલા દેશસેવકોનાં દૃષ્ટાંતો બાળકોને કહો.

પાઠ ૪૬ મો : મઢૂલી

મઢૂલી મજાની પેલે તીર,
સન્તો વહાલાં, અનેરી અમારી એ લગીર.

વૃક્ષો વેલડીઓવાળાં,
કુમળાં ફળ ફૂલ રસાળાં,
લઈ જાઓ લહાણાં એ લગીર. સન્તો૦

મનની કંઈ મોજમજાઓ,
રસિયાં ઉરનો કંઈ લહાવો,
લેવાને આવજો લગીર. સન્તો૦

સામે સંસારી વિલસે,
વચ્ચે જીવનસરિતા વહે,
રેલવીએ ત્યાં રસરંગ લગીર. સન્તો૦

¶ગની સહેવા સાહવાની,
ગીતડાં પ્રભુનાં ગાવાની,
લાગે તે આવજો લગીર. સન્તો૦

લલિત

¶ સહેવું સાહવું=સહન કરી લેવું અને સહાય કરવી.

¶ આ ભજન મંજીરાના તાલ સાથે ગાવા જેવું છે. વિદ્યાર્થીઓને કેળવી તેમની ભજનમંડળી રચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ધા શિક્ષણ યોજનાએ આવીને વેગ આપ્યો છે; એટલું જ નહિ, આપણા દેશના સાર્વત્રિક શિક્ષણ-પ્રચારને માટે ઉપયોગી એવી કેટલીક મૌલિક વસ્તુઓ પણ સૂચવી છે. સંપાદક મંડળે આ ચોપડીઓ ઘડવામાં ઉપરના ખ્યાલોને ઘટતું ધ્યાન આપ્યું છે.

પ્રાથમિક વાચનમાળાનાં પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ અને વિષયની એકસૂત્રતા અને સંવાહિતા સાચવવાની હોય છે. એ જો ધ્યાનમાં ન લેવાય તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણી-શક્તિ હણાય. આ માળામાં આ ગુણ સાચવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ વાચનનો આનંદ પૂરો પાડવો એટલો જ તેનો હેતુ નથી. આ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે અને ઉમદા ટેવોનાં બી વાવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. પાઠોને અન્તે નાનાં બીબાંમાં કેટલીક સૂચનાઓ મૂકવામાં આવી છે, તે તેમને માટે છે.

આ ચોપડી તૈયાર કરવામાં અનેક લેખકો, કવિઓ અને શિક્ષકોએ અનેક રીતે મદદ કરી છે. તે સૌ ભાઈબહેનોનો સંસ્થા વતી આભાર માનું છું.

આશા છે કે, ગુજરાતના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને આ ચોપડી ગમશે અને તેઓ તેને અપનાવશે.

ગૂ૦ વિ૦ કાર્યાલય
તા. ૧૦–૪–'૪૧

મગનભાઈ પ્ર. દેસાઈ
મહામાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી આવૃત્તિ પુનર્મુદ્રણ, ૧૨.૦૦૦
પાંચ આના　　જૂન, '૪૬　　કુલ પ્રત ૧,૮૭,૫૦૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, ખજૂરીની પોળ, કાળુપુર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar